15 ઈ જાઇન ઈસુ તાઅને જાતો રિયો, એને બોજ લોક ચ્યા પાહલા
ગીયા એને ચ્યાય બોદહાન હારેં કોઅયે.
16 ઈસુવે ચ્યાહાન કડાક ચેતાવણી દેની એને આખ્યાં લોકહાન
ખોબાર નાંય કોઅના કા આંય કું હેય.
17 કા જીં વચન યશાયા ભવિષ્યવક્તાથી પોરમેહેરાય આખવામાય
યેનલા, તીં પુરાં ઓએ:
18 "એઆ, ઓ મા સેવાક હેય, જ્યાલ માયે નિવડયોહો, મા પ્રિય,
જ્યાથી મા મોન ખુશ હેય: આંય મા આત્મા ચ્યામાય ટાકહી, એને તો
ગેર યહૂદી લોકહાન ન્યાયા ખોબાર કોઅરી
19 તો નાંય જગડો કોઅરી, એને નાંય તો બોંબલ્યા કોઅરી, એને નાંય
તો લોકહાવોચમાય ઘમંડાકોય બોઆયને સંદેશ હિકાડી.
20 એને તો કાદાબી નુકસાન નાંય કોઅરી, જો યોકા સુંદાલા બુરળ્યા
રોકો નોબળો ઓરી, એને દુમાડા વાળો દિવો નાંય ઉલવી, બાકી છેલ્લે
તો ન્યાયામાય જીતી જાયના કારણ બોની.
21 એને ગેર યહૂદી લોક ચ્યાવોય આશા રાખરી."

## ઈસુ એને બુતહા મુખ્ય સૈતાન
*(માર્ક 3:20-30; લુક. 11:14-23; 12:10)*

22 તોવે લોક યોક આંદળો-મૂકો જ્યાલ બુત વોળાગલો આતો,
ઈસુપાય લેય યેને, એને ઈસુય ચ્યાલ હારાં કોઅયા, એને તો બોલા એને
એઅરા લાગ્યો.
23 ચ્યાથી બોદે નોવાય થી આખા લાગ્યેં, "ઓ કા દાઉદ રાજા
કુળામાઅને હેય?"
24 બાકી પોરૂષી લોકહાય ઈ વોનાઈન આખ્યાં, "ઈ તો સૈતાન જો
બુતાહા મુખ્ય હેય ચ્યા મોદાત લેયા વોગાર બુતહાન નાંય તાંગાડે."
25 તો ચ્યાહા વિચાર જાંઆઈ ગીયો એને આખ્યાં કા, જ્યા બી કાદા
યોક દેશા લોક ચ્યાહામાયજ ફુટ પોડે તે તીં ઉજડી જાહે, એને કાદા
શેહેર કા ગોઅમે ફુટ પોડહે, તીં નાંય ટોકી હોકે.
26 એને જોવે સૈતાન પોતાનાજ બુતહા આરે લોડે, તે પોતાનાજ
વિરુદી ઓઅઇ જાય; પાછે ચ્યા રાજ્ય કેહેકેન ટોકી રોય?
27 જોવે, આંય સૈતાન જો બુતાહા મુખ્ય હેય ચ્યા મોદાત કોઅઇ
બુતહાન કાડહુ, તોવે તુમહે પીડી કા મોદાતકોય કાડતેહે? ચ્યાહાટી તો
તુમહે ન્યાય કોઅરી.
28 જોવે આંય પોરમેહેરા આત્મા મોદાતકોય બુત કાડહુ, તોવે
પોરમેહેરા રાજ્ય તુમહે પાહી યી ચુકલા હેય.
29 કાદોબી સૈતાના હારકા તાકાતવાળા માઅહા ગુઉ લુટી નાંય હોકે,
જાવ લોગુ ચ્યા તાકાતવાળા માઅહાન આરવાહાટી એને બાંદાહાટી
તાકાતવાળો નાંય રોય, તોવે તો ચ્યા ગોઅમેને બોદાંજ લુટી લેય હોકહે.
30 જીં માઅહું મા આરે નાંય હેય, તો મા વિરુદમાય હેય, એને જીં
માઅહું મા આરે ગોળો નાંય કોએ તો વેરેહે.
31 ચ્યાહાટી આંય તુમહાન આખહુ કા માઅહા બોદા જાત્યા પાપ
એને નિંદા માફી મિળી જાય, બાકી પવિત્ર આત્મા નિંદા માફ નાંય
કોઅવામાય યી.
32 જીં કાદાં માઅહા પોહા વિરુદમાય વાત આખી, ચ્યા ઓ પાપ માફ
કોઅવામાય યી, બાકી જીં પવિત્ર આત્મા વિરુદમાય બોલી, ચ્યા પાપ

નાંય તે યા લોકહામાય એને નાંય તે પરલોક માય માફ કોઅવામાય યી.

### જોહડા જાડ તોહડા ફળ
### *(લુક. 6:43-45)*

33 “જોવે જાડ હારાં હેય, તોવે ચ્યા ફળબી હારાં હેય, એને જાડ
નોકામ્યા હેય, તોવે ફળબી નોકામ્યા હેય; કાહાકા જાડ ચ્યા ફળ કોય
વોળખાયેહે.
34 ઓ જેરીવાળા હાપડા રોકહાય, તુમા જુઠા ઓઇન કેહેકેન હારી
વાત આખી હોકતાહા? કાહાકા જી મોનામાય બોઅલાં હેય, તીં
મુયામાય યેહે.
35 યોક હારાં માઅહું મોના હારાં ભંડારા માઅને હાર્યો વાતો કાડહે,
એને જુઠા માઅહું જુઠા ભંડારામાયને જુઠયો વાતો કાડહે.
36 એને આંય તુમહાન આખતાહાવ કા, જયો-જયો નોકામ્યો વાતો
માઅહું આખી, ન્યાયા દિહીહયામાય ચ્યે બોદયે વાતહે ઇસાબ લેવામાય
યી.
37 કાહાકા તું પોતા આખલી વાતહે કોઅઇ નિર્દોષ, એને પોતા
આખલી વાતહે કોઅઇ દોષી ઠોરવામાય યી.”

### હોરગ્યા રાજ્યા નિશાણી માગી બાકી નાંય દેની
### *(માર્ક 8:11-12; લુક. 11:29-32)*

38 પાછે મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને પોરૂષી લોક ઈસુવાપાય
યેના ચ્યાઆરે ચર્ચા કોઅતા લાગ્યા, એને ચ્યાહાય માગણી કોઅયી કા,
“ઓ ગુરુ, આકાશા એહેરે મોઠે ચમત્કાર દેખાડ, ચ્યા ઈસુલ ફોસવા
હાટી ઈ માગણી કોઅઇ રીયલા આતા.”
39 ચ્યાય ચ્યાહાન જાવાબ દેનો, “ઈ પીડી ખારાબ એને વ્યબિચારી
લોક ચમત્કાર હોદતેહેં, બાકી યોના ભવિષ્યવક્તા આરે જી જાયા ચ્યાલ
છોડીન બિજાં કાય ચિન્હ નાંય દેવાય.
40 યોનો તીન રાત-દિહી માછલ્યે બુકામાય રિયો, તેહેકોયજ આંય,
માઅહા પોહો તીન રાત-દિહી દોરત્યેમાય રિયો.
41 નીનવે શેહેરા લોક ન્યાયા દિહી યા પીડી લોકહાઆરે ચ્યા દોષી
ઠોરવી, કાહાકા ચ્યાહાય યોના આખલ્યા વોનાયને પાપ છોડયા, એને

એરા, ઓ તો હેય જો યોના કોઅતો મોઠો હેય, બાકી તુમા પાપ
છોડાહાટી મોનાઈ કોઅતેહે.
42 દક્ષીણ રાણી ન્યાયા દિહી યે પીડી લોકહાઆરે ઉઠીન ચ્યાહાન
દોષી ઠોરવી, કાહાકા તી સુલેમાના જ્ઞાન વોનાયા હાટી બોજ દુરથી યેનેલ,
એને એઆ, ઈહીં તો હેય, જો સુલેમાના કોઅતો મોઠો હેય, બાકી તુમા
પાપ છોડાહાટી મોનાઈ કોઅતેહે.”

### બુતા પાછા યેઅના
### *(લુક. 11:24-26)*

43 “જોવે બુત માઅહા માઅને નિંગી જાહે, તોવે ઉજાડ જાગામાય
આરામ હોદતા ફિરહે, બાકી મીળે નાંય.
44 તોવે પોતે પોતાલુજ આખહે, આંય જ્યા માઅહા માઅને યેનેલ,
તાંજ ફિરી જાહીં, એને ફિરી યેઇન ચ્યાલ ચ્યા માઅહા જીવન ગાઆ
રોકા દેખાયેહે જો ચોખ્ખાં, સોબાડલા, એને રીકામા હેય.
45 તોવે તીં જાયને ચ્યે કોઅતા વોદારે હાંત બુતાહાલ લી યેહે, એને
ચ્યે ચ્યા માઅહામાય ઉરાય જાતહેં, એને તાંજ રોતેહેં, ચ્યા માઅહા
પાછલી દશા પેલ્લા કોઅતાબી ખારાબ બોની જાહે, યા પીડી ખારાબ
લોકહા બી દશા એહેકેનુજ ખારાબ ઓઅરી.”

### ઈસુવા આયહો એને ચ્યા બાહા
### *(માર્ક 3:31-35; લુક. 8:19-21)*

46 જોવે ઈસુ ચ્યે ગીરદીં આરે વાતો કોઅતોજ આતો તોવે ચ્યા
આયહો એને બાહા યેના, એને બાઆ ઉબે રિયે એને ચ્યાઆરે વાતો
કોઅરા માગતે આતેં.
47 કાદાય ચ્યાલ આખ્યાં, એએ તો આયહો એને બાહા બાઆ ઉબે
રીઅલે હેતેં, એને તોઆરે વાતો કોઅરા માગતેહે.
48 ઈ બોદા વોનાઈન આખનારાલ જાવાબ દેનો, “કું હેય મા આયહો?
એને કું મા બાહા?”
49 એને ચ્યા શિષ્યહા એછે ચ્યા આથ લાંબો કોઇન આખ્યાં, “એઆ,
યે મા આયહો એને મા બાહા હેય.
50 કાહાકા જો કાદાં હોરગ્યા આબહા ઇચ્છા પુરી કોઅહે, તીંજ મા
બાહા, એને મા બોઅહી એને મા આયહો હેય.”

# 13

## બિયારો પોઅનારા દાખલો
*(માર્ક 4:1-9; લુક. 8:4-8)*

1 તોદિહી ઈસુ ગોઅરે નિંગીન દોરિયા મેરે જાયને બોઠો.
2 તોવે ચ્યાપાય બોજ મોઠી ગીરદી બેગી ઓઈ ગીયી, કા તો ઉડીમાય
ચોડી ગીયો, એને બોદે માઅહે મેરાવોય ઉબે રિયે.
3 એને ઈસુવે ચ્યાહાન દાખલો દેયન બોજ વાતો હિકાડયો: "ચોક
ખેડુત, બિયારો પોઆ રાનામાય ગીયો
4 એને પોએ તોવે કોલોહોખાન બિયારો વાટે મેરે પોડયો, એને ચિડેં
પોડીન તીં ખાય ગીયે.
5 એને કોલોહોખાન બિયારો ખડકાવાળી જમીનમાય પોડયો, તાં કાદુ
ઓછો આતો, ચ્યાહાટી બિઇ તારાતુજ ઉદી નિંગ્યા, કાહાકા તાં કાદુ ઉંડે
લોગુ નાંય આતો.
6 બાકી બોપરેહે દિહી ચોડયો એને તીડકો લાગ્યો તોવે તારાત તીં
કોમાઈ ગીયા, એને મુળે નાંય બોઠે ચ્યાહાટી તીં ઉખાઈ ગીયા.
7 એને કોલોહોખાન બિયારો કાટાહા જેખરાહામાય પોડયો, એને કાટેં
વોદી ગીયે એને દાબાઈ ગીયો.
8 કોલોહોખાન બિયારો હારી જમીનમાય પોડયો, એને હારાં પાક્યા,
કોલાહાક તીહી ગોણા, કોલાહાક હાંઈટ ગોણા, કોલાહાક હોવ ગોણા.
9 જ્યા વોનાયા હાટી તિયાર હેય ચ્યા વોનાય લેય."

## દાખલો દેઅના હેતુ
*(માર્ક 4:10-12; લુક. 8:9-10)*

10 તોવે શિષ્યહાય ઈસુવા પાહાય યેઇન ચ્યાલ આખ્યાં, "એલહાન
તું કાહા દાખલાહામાય નોકીજ હોમજાડતોહો?"
11 ઈસુવે જાવાબ દેનો, "તુમા તે પોરમેહેરા રાજ્યા દોબલી વાતો
જાંઅતાહા, બાકી જ્યા માયેવોય બોરહો નાંય કોએત ચ્યા નાંય જાંએ."
12 કાહાકા જ્યા પાય હોમાજ હેય, તો વોદારી હોમાજ મેળવી, બાકી
જ્યા પાય કાય હોમાજ નાંય મીળે, ચ્યાપાય જીં વોછીબી હોમાજ ઓરી
તીં બી ચ્યાપાઅને ખોવાય જાય.

13 આંય ચ્યાહાન દાખલાહા માંયજ હોમજાડતાહાવ, કાહાકા ચ્યા
એએયા કોઅતાહા બાકી જાંએ નાંય, એને વોનાતાહા બાકી હોમજેત
નાંય.
14 ચ્યાહા બારામાય યશાયા ભવિષ્યવક્તા આખલી ઈ ભવિષ્યવાણી
પુરી ઓઅહોય: તુમા કાનાહાકોય તે વોનાયા, બાકી હોમજાહા નાંય;
ડોળાહાકોય એએહા, બાકી તુમહાન હુજ નાંય પોડી.
15 કાહાકા યા લોકહા મોન કોઠાણ બોની ગીયહા, એને ચ્યે
કાનાહાકોય વોછા વોનાતેહે, એને ચ્યાહાય પોતે ડોળા મીચી લેદહા,
કા એહેકેન નાંય ઓએ કા ડોળાકોય એઅતા લાગે, કાનાકોય વોનાતા
લાગે, મોનાકોય હોમજે, એને મા એછે વોળી યેય કા આંય ચ્યાહાન હારાં
કોઅહુ.
16 બાકી તુમહે ડોળા ધન્ય હેય, કાહાકા ચ્યા એઅતાહા; એને તુમહે
કાન ધન્ય કાહાકા ચ્યા વોનાતાહા.
17 કાહાકા આંય હાચ્ચાં આખતાહાવ, બોજ ભવિષ્યવક્તા એને
ન્યાયી લોકહાય તુમા જીં એઅતાહા તીં એરા ઇચ્છા રાખી, બાકી નાંય
એએઈ હોક્યા એને તુમા વોનાતાહા તીં વોનાયા બોજ ઇચ્છા આતી,
બાકી નાંય વોનાય હોક્યા.

## બિયારો પોઅનારા દાખલો હમજાડના
*(માર્ક 4:13-20; લુક. 8:11-15)*

18 "આમી તુમા પોઅનારા દાખલો વોનાયા.
19 વાટેમાય પોડલો બિયારો ચ્યા હારખા હેતા, જીં માઅહું વચન
વોનાયે બાકી તારાતુજ સૈતાન યેઇન ચ્યાહા મોનામાઅને વચન વિહરાવી
દેહે.
20 બિજા લોક ખડકાવાળી જાગા હારકા હેય જાં વોછોજ બિયારો
પોડહે, યાહાટી ચ્યે વચન વોનાયને તારાતુજ આનંદથી માની લેતહે,
21 બાકી પોરમેહેરા વચન ચ્યાહા મોનામાય ઉંડે નાંય ઉત્યા, ચ્યાહાટી
ચ્યે વોછા દિહાપુરતે રોતેહેં, ચ્યા પાછે પોરમેહેરા વચના લેદે જોવે
ઓડચણ કા દુઃખ યેહે તોવે ચ્યે તારાતુજ ટાકી પોડતેહે.
22 બિજા લોક કાટાહા જેખરાહા હારકા હેય, ચ્યાહાય તે વચન
વોનાય લેદા, એને જીવના બારામાય ચિંતા, પોયહા લોબ, એને બીજી

લાલચ યેઇન પોરમેહેરા વચનાલ દાબી દેના, એને ય્યે નોકામ્યા જીવન
જીવતેહે.
23 બિજા લોક હારી જમીની હારકા હેય, પોરમેહેરા વચન વોનાઈન
હોમજેહે, એને ફળબી દેહે; કાદા હોવ ગોણા દેય, કાદા હાંઈટ ગોણા,
એને કાદા તીહી ગોણા દેય."

### ગોંવ એને કડવા દાણા

24 ઈસુવાય ય્યાહાન બિજો દાખલો દેનો કા, "હોરગા રાજ્ય ય્યા
બિયારો પોઅનારા ખેડુતા હારકા હેય જ્યાંય ય્યા પોતાના રાનામાય હારો
બિયારો ટાક્યો.
25 બાકી બોદા લોક હૂવી રીઅલા આતા, તોવે ય્યા દુશ્માન રાતી યેઇન
જાં ગોંવ પોઅલા આતા ય્યાહામાય ટોળ્યા બિયારો પોઓઈ નાઠો.
26 તે જોવે બિયારો ઉદ્યો એને નીહીવાય પોડ્યા, તોવે ટોળ્યા દેખાયાં.
27 તોવે માલિકાપાય જાયને આવત્યાહાય આખ્યાં કા, માલિક,
આમહાય તે રાનામાય હારો બિયારો પોઓયેલ, તે આમી ટોળ્યા કેછને
યેના?
28 ય્યે આખ્યાં, ઈ તે યોકતા દુશ્માના કામ ઓરી આવત્યાહાય પુછ્યાં,
તોવે આમા કાય કોઅજે? આમા જાયને ઉદલા ટોળ્યાલ ઉપડાવી ટાકજે
કા?
29 ય્યે જાવાબ દેનો, નાંય, એહેકેન નાંય કોઅતા, કાય ઉદલા ટોળ્યા
ઉપડાવત્યે વેળે ગોંવ બી ઉપડી ટાકે.
30 ય્યાહાટી પાકે તાંવ લોગુ બેન્યાહાલ આરેજ વોદા દિયા, એને
વાડત્યે વેળાયે વાડનારાહાન આંય આખહી, કા ટોળ્યાલ પેલ્લા બેગા
કોઆ એને બાળી ટાકાંહાટી પૂળા બાંદા બાકી ગોંવ મા વોખારમાય બેગા
કોઆ."

### રાયે દાણા દાખલો
### *(માર્ક 4:30-34; લુક. 13:18-21)*

31 આજુ યોક દાખલો આખ્યો, "હોરગા રાજ્ય યોક રાયે દાણા હારકા
હેય, રાયે દાણો લેઈને કાદે પોતાના રાનામાય પોઅયા.
32 બોદા બીયારાહામાય વાહાનો બિયારો હેય, બાકી ઉદહે તોવે
તીં બોદા જાડવાહામાય મોઠા જાડ બોની જાહાય, એને આકાશામાય
ઉડનારે ચિડેં યેઇન ય્યા ડાળખ્યેહેવોય ગોરો કોઅતેહે."

### ખમીરા દાખલો
*(લુક. 13:20-21)*

33 આજુ બિજો દાખલો ચ્યાહાન દેનો, "હોરગા રાજ્ય ખમીરા હારકા
હેય જ્યાલ યોક થેએયે લેઈને તીન માપ (તીન ચોપે) કુટામાય મોગલી
દેના, એને બોદા ખમીર ઓઅઇ ગીયા."

### દાખલાહા વાપાર કોઅના

34 એને જોવેબી ઈસુ પોરમેહેરાબારામાય વાત આખે, તોવે દાખલા
દેયન આખે.
35 જ્યેથી ભવિષ્યવક્તાથી આખલા વચન પુરાં ઓએ, ચ્યાહાટી
કા, "આંય દાખલા દેયન વાત આખહી, જોવેને આકાશ એને દોરતી
ઉસબાડી તોદરીહી દુબાડલી વાત આંય દેખાડીહી."

### ઈસુ કડવા દાણા એટલે કાય તીં હુમજાડેહે

36 જોવે ઈસુ લોકહાન છોડીન ગોઅમે ગીયો, તોવે ચ્યા શિષ્ય
ચ્યાપાય યેના એને ચ્યાહાય ચ્યાલ આખ્યાં, "ટોળ્યાવાળો દાખલો
આમહાન હોમજાડી દે."
37 ઈસુવે આખ્યાં, "હારો બિયારો પોઅનારો ખેડુત માઅહા પોહો
એટલે આંય હેય.
38 રાન દુનિયા લોક હેય, હારો બિયારો પોરમેહેરા રાજ્યા લોક હેય.
ટોળ્યા એટલે ચ્યા સૈતાના લોક હેય.
39 એને જ્યા દુશ્માનાય ટોળ્યા પોઅયા તો સૈતાન હેય, વાડણી ઈ
દુનિયા છેવાટ હેય, એને વાડનારા હોરગા દૂત હેતા.
40 જેહેકોય ટોળ્યાલ વાડીન બેગો કોઇન આગડામાય હોલગાડી
દેતહેં, તેહેકોય દુનિયા છેલ્લા દિહીહયામાય ઓઅરી.
41 આંય, માઅહા પોહો મા હોરગા દૂતહાન દોવાડીહી, એને ચ્યા
રાજ્યમાઅને બોદા ઠોકારાહા કારણાહાલ એને પાપ કોઅનારાહાન
ઓટાડી દી.
42 એને હોરગા દૂત આગડા બાઠયેમાય ટાકી દેઅરી, તાં રોડના એને
દાત કોકડાવના હેય.
43 બાકી પોરમેહેરા લોક ચ્યાહા આબહા રાજ્યામાય દિહા હારકા
ચોમકી, જ્યા વોનાયા હાટી તિયાર હેય ચ્યા વોનાય લેય."

### દોબાડલ્યે મિલકાતે દાખલો

44 હોરગા રાજ્યા રાનામાય દોબાડલ્યે મિલકાતે હારકા હેય, જોવે
ચોકા માઅહાન તીં મિળ્યાં, તે ચ્યા માઅહાય પાછા દોબાડી દેના, એને
આનાંદથી જાયને ચ્યા બોદાંજ કાય વેચિન, ચ્યા રાનાલ વેચાતાં લેદા
જ્યામાય ચ્યાય મિલકાત દોબાડલી આતી.

### મોઅગા હિરહા દાખલો

45 આજુ હોરગા રાજ્ય ચોક વેપાર્યા હારકા હેય તો જ્યા હારાં હિરા
હોદના માચ આતો.
46 જોવે ચ્યાલ બોજ કિમતી હિરો જોડયો તોવે તો ગીયો એને બોદી
માલમિલકાત વેચી દેયન, તો હિરો વેચાતો લેદો.

### માછે માઅના જાળે દાખલો

47 પાછી હોરગા રાજ્ય માછે દોઅના જાળે હારકા હેય, જીં
દોરિયામાય ટાકી, એને જાળ્યેમાય બોદી જાત્યે માછલે ચેય ગીયે.
48 એને જોવે જાળ બાઆય જાય તોવે માછે દોઅનારા જાળ મેરે
તાણી લેય ચેના, એને બોહીન હારેં-હારેં માછલે ટોપલાહામાય બોઅરા
લાગ્યા, એને નાંચ હારેં માછલે ટાકી દેને.
49 દુનિયા છેલ્લે એહેંજકોય બોની, હોરગા દૂત ચેઇન હારાં માઅહાન
પાપી લોકહામાઅને જુદા કોઅરી.
50 એને પાપી લોકહાન આગડા બાઠયેમાય ટાકી દી, તાં રોડના એને
દાત કોકડાવના હેય.

### જુના એને નવા કાય હેય ચ્યા હિકાડના મોતલાબ

51 "કાય તુમા ઈ બોદા હોમજી ગીયા?" ચ્યાહાય આખ્યાં,
"હોમાજજેહે."
52 તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં, "દરેક ચોક જો મૂસા નિયમ
હિકાડનારા ગુરુ જો હોરગા રાજ્યા શિષ્ય બોન્યો, તોવે તો ચ્યા ગોઆ
માલિકા હારકો હેય, જ્યા બેની નોવી એને જુની શિક્ષા ચ્યે જાગાવોયને
બાઆ કાડહે, જાં તો બીજહાન મોદાત કોઅરાહાટી ચ્યાહાન ચોકઠી
કોઅહે."

### નાસરેતામાય ઈસુવા નાકાર

*(માર્ક 6:1-6; લુક. 4:16-30)*

53 જોવે ઈસુવે બોદા દાખલા પુરાં કોઅયા, તોવે તો કાપરનાહુમ
શેહેરામાઅને ચાલ પોડયો.
54 એને પોતાના ગાવામાય ગીયા, એને ચ્યાહા સોબાયે ઠિકાણે
હિકાડતો લાગ્યો, ચ્યા હિકાડના બારામાય ચ્યાહાન બોજ નોવાય લાગી
એને ચ્યા આખતા લાગ્યા કા, "એલાલ ઓલા જ્ઞાન એને ઓલા ચમત્કાર
કોઅરા ગોતી કેછને મિળી?
55 કાય એલો હુતાર્યા પોહો હેય કા નાંય? એલા આયહે નાંવ મરિયમ
હેય કા નાંય? એને એલા બાહા યાકૂબ એને યોસેસ એને સિમોન એને
યહૂદા હેય કા નાંય?
56 એને એલા બોઅયોહો આમહે આરે હેત્યો કા નાંય? ચ્યાલ ઈ
બોદા કેછને મિળ્યાં?"
57 એને ચ્યા બારામાય ચ્યાહાય ઠોકાર ખાદી, બાકી ઈસુવે ચ્યાહાન
આખ્યાં, "ભવિષ્યવક્તાલ બોદે માન દેત, ચ્યા ગાંવ એને પોતાના
ગોઆશિવાય કેસુજ માનાવોગાર્યા નાંય રોત."
58 એને ચ્યાહા વોછા બોરહા લેદે, ચ્યે તાં વોછે ચમત્કારા કામે કોઅયે.

# 14

## હેરોદ રાજા ઈસુવા બારામાય વોનાયો
*(માર્ક 6:14-29; લુક. 9:7-9)*

1 ચ્યે દિહી ચૌથાઈ દેશા હેરોદ રાજા ઈસુ મોઠા કામહા બારામાય
વોનાયો,
2 એને ચ્યે ચ્યા ચાકારાલ આખ્યાં, "ઓ યોહાન બાપતિસ્મા દેનારો
હેય, જો મોઅલા માઅને પાછો ઉઠયોહો યાહાટી ચ્યા આથે મોઠે ચિન્હે
ઓઅતેહે."

## બાપતિસ્મા દેનારા યોહાના મોરણ

3 ઓ તો હેરોદ રાજા આતો જ્યાંય ચ્યા બાહા ફિલિપા થેએ
હેરોદિયાસ રાણ્યેલ પોતાની થેએ બોનાવી લેદેલ, ચ્યાહાટી હેરોદે યોહાન
બાપતિસ્મા દેનારાલ દોઓયેલ એને બાંદિન જેલેમાય કોંડાડી દેનેલ.
4 કાહાકા યોહાન બાપતિસ્મા દેનારાય હેરોદ રાજાલ આખ્યેલ, તો
પોતે બાહા થેએ તો રાખના ઠીક નાંય.

5 એને આ્યાલ માઆઇ ટાકાં માગતો આતો, બાકી આ્યાલ લોકહા બિક
આતી, કાહાકા લોક આ્યાલ ભવિષ્યવક્તા હેય એહેકેન માનેત.
6 પાછે જોવે હેરોદા જન્મા દિહી યેનો તોવે હેરોદિયાસ રાણ્યે પોહયે
બોદા ટોળા આગલા નાચી દેખાડયાં એને આ્યે હેરોદ રાજાલ ખુશ કોઅયો.
7 યાહાટી હેરોદ રાજાય કોસામ ખાયન આખ્યાં કા, “તું જીં કાય
માગહે, તીં આંય દિહી.”
8 આ્યે આયહે આ્યેલ હિકાડયાં આ્યાપરમાણે યેઇન આ્યેય આખ્યાં,
“યોહાન બાપતિસ્મા દેનારા ટોલપા વાડીન થાળ્યેમાય ઈહીંજ લેય યેય
દે.”
9 રાજાલ દુઃખ લાગ્યા, બાકી જ્યાહાલ આ્યે હાદલા આ્યાહા હામ્મે આ્યે
કોસામ ખાદેલ, આ્યાહાટી આગના કોઅયી, કા દેય દે.
10 એને સીપાડાલ દોવાડીન યોહાન બાપતિસ્મા દેનારા ટોલપી વાડીન
લાંહાટી રાજાય જેલેમાય દોવાડયો.
11 એને આ્યા ટોલપા થાળ્યેમાય થોવિન પોહયેલ દેય દેની, એને તી
ટોલપી આ્યે આયેહેપાય લેય ગીયી.
12 પાછે યોહાના શિષ્યહાન ખોબાર પોડી, કા યોહાનાલ માઆઇ
ટાક્યોહો તોવે આ્યા યેના, એને આ્યા કુડી લેઈને આ્યાહાય તી માહણામાય
દાટી દેની, પાછે ઈસુવાપાય જાયને ખોબાર દેની.

### ઈસુ પાચ ઓજાર માઅહાન ખાવાડેહે
### *(માર્ક 6:30-44; લુક. 9:10-17; યોહા. 6:1-14)*

13 જોવે ઈસુવાલ ઈ ખોબાર મિળી તોવે તાઅને તો ઉડીમાય બોહીન,
યોક ઉજાડ જાગામાય માઅહા પાયને આલાગ નિંગી ગીયો, બાકી
લોકહાન આ્યા ખોબાર પોડી, એને આ્યાહા શેહેરામાઅને આ્યા પાગે ચાલીન
આ્યા પાહલા યેના.
14 જોવે તો મેરાવોય પોઅચ્યો, તોવે બોજ માઅહા ટોળો એઅયો,
એને આ્યાહાવોય આ્યાલ દયા યેની એને જ્યેં દુઃખ્યે આતેં, આ્યે આ્યાહા
દુખાહાન હારાં કોઅયા.
15 એને જોવે દિહી બુડા લાગલો તોવે આ્યા શિષ્યહાય ઈસુવાપાય
યેઇન આખ્યાં “ઉજાડ જાગો હેય, એને દિહી બુડા વાય રિયહો.
લોકહાન જાં દે કા ચોમખી ગાવહામાય એને ફોળ્યે-ફોળહયે માય જાયન
ખાઅના વેચાતાં લેય યેય હોકે.”

16 બાકી ઈસુવે ચ્યાહાન આખ્યાં, “ચ્યાહા જાઅના જરુર નાંય હેય,
તુમાંજ ચ્યાહાન ખાઅના દિયા,”
17 બાકી ચ્યાહાય ચ્યાલ આખ્યાં, “ઈહીં આમહાપાય પાંચુજ બાખ્યો
એને બેન માછલે હેતેં.”
18 ઈસુય ચ્યાહાન આખ્યાં, “ચ્યાહાન માયેપાંય લેય યા.”
19 પાછે ચ્યાય માઅહાન ગાહીયાવોય બોહતેં કોય દેને, એને પાચ
બાખે એને બેન માછલે લેદે, એને હોરગા એછે એઇન પોરમેહેરા આભાર
માન્યા એને કુટકા કોઇન શિષ્યહાન દેના, એને શિષ્યહાય લોકહાન વાટી
દેના.
20 બોદહાય ખાદાં એને દારાઈ ગીયે, એને ચ્યાહાય ઉગારલા
ટુકડાહાન બેગા કોઅયા, તે બારા ટોપલ્યો બોઆય ગીયો.
21 એને ખાનારે થેઅયો એને પાહાહાન છોડતા માટડા લગભગ પાચ
ઓજાર આતા.

## ઈસુ પાઅયાવોય ચાલહે
## *(માર્ક 6:45-52; યોહા. 6:16-21)*

22 એને તારાતુજ ચ્યે શિષ્યહાન ઉડીમાય બોહાડીન દોરિયા ચ્યેમેરે
દોવાડયા, કા ચ્યા ચ્યાથી પેલ્લા ચ્યે મેરે જાતા રોય, જાવ હુદુ કા તો
લોકહાન દોવાડી દેય.
23 એને લોકહાન જાં દેયન તો યોખલોજ યોકા ડોગાવોય પ્રાર્થના
કોઅરાહાટી ચોડી ગીયો, એને રુવાળા પોડયા તોવે તો તાં યોખલોજ
આતો.
24 ઉડી તે મેરાવોયને દુઉ આતા એને વારો હામ્મે આતો, તે ઉડી
લાફાહા કોઇન આફળાતા જાય.
25 એને ઈસુ રાતી લગભગ ચાર વાગા ઓલહામાય તો દોરીયાવોય
ચાલીન ચ્યાહાપાય યેનો.
26 બાકી જોવે શિષ્યહાય ઈસુલ દોરિયા ઉપે ચાલતા દેખીન, ચ્યા
બોંબલી ઉઠયા કાહાકા ચ્યાહાય ચ્યાલ બુત જાંઆયો, એને ચ્યા
ગાબરાય ગીયા.
27 કાહાકા બોદાજ ચ્યાલ દેખીન ગાબરાઈ ગીઅલા આતા, બાકી
તારાતુજ ઈસુવે ચ્યાહાન હાત કોઇન આખ્યાં, “ઈમાત રાખા, આંય ઈસુ
હેતાઉ ગાબરાયાહા મા.”

28 પિત્તરે જાવાબ દેનો કા, “ઓ પ્રભુ, જોવે તુંજ હેય તે, માન તોપાય
યાહાટી પાઅયા ઉપને ચાલા આગના કોઓ.”
29 ચ્યેય આખ્યાં, “યે,” તોવે પિત્તર ઉડીમાઅને ઉત્યો એને પાઅયા
ઉપે ચાલતો ઈસુવા એછે જાં લાગ્યો.
30 બાકી જોરમાય વારો યેતો દેખીન તો બિઇ ગીયો, એને જોવે તો
બુડતો લાગ્યો તોવે બોંબલીન આખ્યાં, “ઓ પ્રભુ, માન બોચાવ.”
31 ઈસુવે તારાત આથ લાંબો કોઅઈન ચ્યાલ દોઅયો એને ચ્યાલ
આખ્યાં, “ઓ ઓછા બોરહાવાળા, તુયે કાહા સંદેહ કોઅયો?”
32 એને જોવે ચ્યા ઉડીમાય ચોડી ગીયા, તોવે વારો બોંદ ઓઅઇ
ગીયો.
33 જ્યા ઉડીમાય આતા, ચ્યાહાય યેયન ભક્તિ કોઇન આખ્યાં,
“હાચ્ચોજ, તું પોરમેહેરા પોહો હેય.”

## ઈસુ ગેનેસારેતમાય માંદાહાલ હારો કોઅહે
*(માર્ક 6:53-56)*

34 જોવે ઈસુ એને ચ્યા શિષ્ય યોક્યે ઉડીમાય ગાલીલા દોરિયામાય
આજુ આગલા ગીયા એને ચ્યા ગેનેસારેત ભાગામાય યેય પોઅચ્યા.
35 તાઅને લોકહાય ચ્યાલ વોળખીન, એને બોદા વિસ્તારામાય
ખોબાર દોવાડી, એને બોદા દુ:ખ્યાહાન ચ્યાપાય લેય યેના.
36 એને ચ્યા રાવ્યો કોઅતા લાગ્યા કા તો ફાડકા છેડાલ આથ લાવાં
દે; એને જોલે ચ્યા ફાડકાલ આથ લાવેત ચ્યા બોદહા બોચાવ ઓઅઇ
ગીયો.

# 15

## આગલ્યા ડાયહા રુડી પરમ્પરા પાળના સાવાલ
*(માર્ક 7:1-23)*

1 યોક દિહી કોલહાક મૂસા નિયમ હિકાડનારા ગુરુ એને પોરૂષી લોક
યેરૂસાલેમ શેહેરમાઅને યેનલા આતા, ઈસુપાય બેગો જાયા, યાહાટી
પોરૂષી લોક એને મૂસા નિયમ હિકાડનારા ગુરુવાહાય ઈસુલ પુછ્યાં.
2 “તો શિષ્ય આમે વડીલાહા પરમ્પરા કાહાનાય માનેત? ચ્યા હારેકોય
આથ દોવ્યા વોગાર મેલા આથહા કોય બાખે ખાતહા”

3 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, તુમા પોરમેહેરા આગના પાળના છોડી
દેતહા કા "તુમા તુમહે રીવાજેકોય કામ કોઅઇ હોકે.
4 કાહાકા પોરમેહેરાય આખ્યેલ તો આયહે આબહાલ માન દે,
જીં માઅહું આયહે આબહાલ ગાળી દેય, ચ્યાલ હાચ્ચાંજ માઆઇ
ટાકવામાય યી.
5 બાકી તુમા આખતાહા કા જીં માઅહું આપહે આબહાલ એહેકેન
આખહે, તુમહાન માયે પાયને જીં કાય મિળી હોકતા આતા, તી
પોરમેહેરાલ બેટ ચોડવી હોકહ્યા.
6 તે તો ચ્યા આબહા આદર નાંય કોએ, એહેકેન તુમહે વડીલાહા રુડી
પાળાહાટી તુમા પોરમેહેરા નિયમશાસ્ત્ર પાળના છોડી દેતહા.
7 ઓ ડોંગી લોકહાય યશાયા ભવિષ્યવક્તાય તુમહે બારામાય હાચ્ચાં
આખ્યેલ કા.
8 ચ્યા લોક મા બારામાય બોજ હારાં બોલતાહા બાકી ચ્યા માયેવોય
હાચ્ચાં પ્રેમ નાંય કોએત.
9 એને ચ્યાહા ભક્તિ માંહાટી નકામી હેય, કાહાકા ચ્યા
માઅહાથી બોનાડલા નિયામાહાન પોરમેહેરા નિયમા રુપામાય લોકહાન
હિકાડતાહા."

## માઅહાન ખારાબ કોઅનાર્યો વાતો

10 એને ઈસુવે લોકહાન પાહાય હાદિન ચ્યાહાન આખ્યાં, વોનાયા
એને હોમજા.
11 જીં કાય માઅહા મુયામાય જાય ચ્યા લેદે તીં મેલાં નાંય કોઅઇ
હોકે, બાકી ચ્યા મુયામાયને જીં નિંગહે, તીંજ માઅહાન મેલાં કોઅહે.
12 તોવે શિષ્યહાય ઈસુવાપાય યેયન ચ્યાલ પુછ્યાં, "કાય તુમહાન
ખોબાર હેય કા ઈ વાત વોનાઈન પોરૂષી લોકહાન જુઠા લાગ્યહાં?"
13 બાકી ચ્યે જાવાબ દેનો જીં જાડ મા હોરગા આબહે નાંય રોપહ્યા
ચ્યાલ ઉપડી ટાકી.
14 પોરૂષી લોકહા પાયને દુઉ રા, એલા આંદળા વાટ દેખાડનારા હેતા,
જોવે આંદળા આંદળાલ લેય જાય તોવે બેની ખાડામાય પોડી.
15 ઈ વોનાયને પિત્તરાય ઈસુલ આખ્યાં, "આમહાન ઓ દાખલો
હોમજાડી દે."

16 ઈસુવે શિષ્યહાન આખ્યાં, “કાય એહેકેન તુમહાનબી નાંય
હોમજાય?
17 કાહાકા તીં ચ્યાહા મોનામાય નાંય જાય, બાકી ચ્યા બુકામાય જાહે,
એને પાછે તીં ઝાડાવાટે બાઆ નિંગી જાહે.”
18 માઅહું જીં વિચાર કોઅહે, આખહે એને કોઅહે, તીંજ માઅહાન
પોરમેહેરા હામ્મે મેલાં કોઅહે.
19 કાહાકા ચ્યા મોનામાઅરે ખારાબ વિચાર, ખૂન, વ્યબિચાર,
લુચ્ચાઈ, ચોરી, જુઠી સાક્ષી, નિંદા ઓહડે બોદે પાપે નિંગતેહે.
20 ઓહડે બોદે પાપ માઅહાન મેલાં કોઅતેહે, બાકી આથ દોવ્યા
વોગાર ખાઅના ખાયનાં માઅહાન મેલાં નાંય કોએ.

## કનાની જાત્યે બાયે બોરોહો
*(માર્ક 7:24-30)*

21 એને ઈસુ તાઅને નિંગીન સુર એને સિદોન નાંવા શેહેરા આજુ-
બાજુ વિસ્તારામાય ગીયો.
22 એને એઆ, ચ્યા દેશા ચોક કનાની બાય યેની એને બોંબલીન
આખા લાગી, “ઓ પ્રભુ દાઉદ રાજા કુળા પોહા, માયે ઉપે દયા કોઓ,
મા પોહયેલ બુત બોજ દુઃખ દેહે.”
23 બાકી ઈસુ ઠાવકોજ રિયો એને કાયજ નાંય બોલ્યો, તોવે ચ્યા
શિષ્યહાય ચ્યા પાહાય યેયન વિનાંતી કોઇન આખ્યાં, “એલ્યે થેએયેલ
દોવાડી દે, આમે પાહલા બોંબાલતી યેહે.”
24 ઈસુવે જાવાબ દેનો, “પોરમેહેરે માન ઈસરાયેલ દેશા ચ્યા લોકહા
પાય દોવાડયો જ્યા ટાકાલા ગેટાહા રોકા હેય.”
25 બાકી તી બાઈ યેની, ચ્યા પાગે પોડીન આખ્યાં ઓ પ્રભુ, માન
મોદાત કોઓ.
26 ચ્યાય જાવાબ દેનો કા, “પાહાહા પાયને ખાઅના માગના એને
કુતરાહાલ ખાવાડના ઠીક નાંય હેય.”
27 ચ્યે બાઈય આખ્યાં, “હાચ્ચી વાત હેય પ્રભુ, બાકી પાહાહા
આથામાયને પોડલા ટુકડાહા ચૂરો કુત્રે ખાતહેં. જીં ચ્યા માલિકા ટેબાલા
ઉપેથી પોડલાં રોહે.”

28 તોવે ઈસુવે અેલ આખ્યાં, “બાઈ તો હાચ્ચો બોરહો હેય, તો
માગણી પરમાણે ઓઅઇ જાય.” એને અે પોહી અેજ સમયે હારી
ઓઅઇ ગીયી.

## ઈસુ જાત જાત્યા માંદાહાલ હારેં કોઅહે

29 એને તાઅને નિંગીન ઈસુ ગાલીલ દોરિયા પાય યેનો, એને ડોંગાવોય
ચોડીન તાં બોહોઈ ગીયો.
30 બોજ માઅહે લેંગડાહાન, પાંગળ્યાહાલ, આંદળાહાન, મુકાહાન
એને બીજે બોજ દુખ્યાહાન અ્યાપાય લેય યેના, એને અ્યા પાગહા પાહી
થોવ્યા એને ઈસુવે અ્યા બોદહાન હારાં કોઅયા.
31 આમીં: જોવે માઅહાય મુકાહાન બોલતા દેખ્યા, પાંગળ્યાહાલ
ચાલતા એને આંદળા દેખતા ઓઅયા, તોવે અ્યાહાન નોવાય લાગી, એને
અ્યા ઈસરાયેલ દેશા પોરમેહેરા સ્તુતિ આખતા લાગ્યા.

## ચાર ઓજાર લોકહાન ખાવાડના
*(માર્ક 8:1-10)*

32 અ્યા દિહહામાય, બોજ લોક ઈસુ પાહી યેના એને ચોમખી યોક
મોઠો ટોળો બેગો જાયો, એને અ્યાહાપાય ખાઅના નાંય આતા, તોવે
ઈસુવે અ્યા શિષ્યહાન હાદિન આખ્યાં. “માન યા લોકહાવોય દયા યેહે,
આમી તીન દિહી જાયહાં, અ્યા માયેપાંય હેતા, એને અ્યાહાપાય ખાઅના
કાયજ નાંય આતા. ઈહીમાઅને કોલાહાક જાંઆ બોજ દુઉરે યેનહા,
જોવે આંય અ્યાહાન બુખા ગોઓ દોવાડી દાંઉ, તોવે વાટેમાય અ્યા થાકીન
તાંજ ટુટી પોડી.”
33 શિષ્યહાય ઈસુવાલ આખ્યાં કા, “યા ઉજાડ જાગામાય ઓલા
બોદા લોકહાન ખાવાડા હાટી કેછને ખાઅના મીળે?”
34 ઈસુવે શિષ્યહાન પુછ્યાં, “તુમહેપાય કોલ્યો બાખ્યો હેત્યો?”
અ્યાહાય આખ્યાં, “આમહાપાય હાંત બાખ્યો હેય એને વોછે વાહને
માછલે હેય.”
35 તોવે ઈસુય બોદા લોકહાન દોરત્યેવોય બોહરા આગના દેની.
36 પાછે હાંત બાખે એને માછલે લેદે એને પોરમેહેરા આભાર
માનીન બાખ્યેહે ટુકડા કોઇન શિષ્યહાન વાટી દાં આખ્યાં, એને અ્યાહાય
લોકહાન વાટી દેના.

37 લોકહાય ખાદાં એને દારાઈ ગીયે, તોવે શિષ્યહાય હાંત ટોપલ્યો
બોઆઈન વોદલા ખાઅના બેગા કોઅયા.
38 ખાનારે પોહેં એને બાયો નાંય ગોણતા, ચાર ઓજાર માટડા આતા.
39 એને લોકહાન છોડીન ઈસુ ઉડીમાય બોહી ગીયો એને માગાદા
દેશા વિસ્તારામાય યેનો.

# 16

## હોરગા નિશાણ્યે માગણી
*(માર્ક 8:11-13; લુક. 12:54-56)*

1 એને પોરૂષી લોક એને સાદૂકી લોક ઈસુવા પાહી યેયન ચ્યાલ ફોસવા
હાટી આખ્યાં, આમહાન હોરગા એહેરે મોઠે ચમત્કાર દેખાડ.
2 ઈસુવે જાવાબ દેનો, “વોખાતેહે તુમા આખતાહા, ‘વાતાવરણ હારાં
ઓઅરી, કાહાકા આકાશ લાલ હેતાં’,
3 એને હાકાળ્યે સમયે આખતાહા, આજુ તોફાન યી, કાહાકા આકાશ
લાલ એને દુકાળા હેય, તુમા આકાશા યે ચિન્હ એઇન ભેદ આખતાહા,
બાકી સમાયા ચિન્હહા ભેદ કાહાનાય આખી હોકે?
4 યે પિડયે ખારાબ એને વ્યબિચારી લોક ચમત્કાર હોદતાહા, બાકી
યોના ભવિષ્યવક્તા ચિન્હ છોડીન બિજાં કાય ચિન્હ નાંય દેવાય” પાછે
ઈસુ ચ્યાહાપાઅને જાતો રિયો.

## પોરૂષીયાહા એને સાદૂકીયાહા ખમીર
*(માર્ક 8:14-21)*

5 શિષ્ય નોયે ચ્યેમેરે જાત્યે સમાયે બાખે લેઅના વિહરાય ગીયા.
6 ઈસુવે ચ્યાહાન આખ્યાં, “એઆ પોરૂષી લોકહા એને સાદૂકીયા
ખમીરથી બોચાંહાટી હાચવીન રોજા.”
7 ચ્યા ચ્યાહા વોચમાય વિચાર કોઅતા એને આખા લાગ્યા, “તો
એહેકેન યાહાટી આખી રીયલો હેય કાહાકા આમેપાય પુરત્યો બાખે
નાંય હેય.”
8 ઈ બોદા જાંઆઈન, ઈસુવે ચ્યાહાન આખ્યાં, “ઓ વોછા
બોરહા વાળહાય, તુમા યોક-બિજા આરે કાહા વિચાર કોઅતાહા કા
આપહેવોય બાખે નાંય હેય?

9 કાય તુમા આજુ લોગુ નાંય હોમજ્યાહા કા? કાય તુમહાન ચ્યા
પાચ ઓજારાહા પાચ બાખ્યો નાંય ઇત હેય કા, એને નાંય કા તુમાહાય
કોલ્યોહો ટોપલ્યો બોઅલ્યો?
10 એને ચ્યા ચાર ઓજાર લોકહાહાટી હાંત બાખ્યો મુડયો, એને નાંય
કા તુમાહાય કોલ્યોહો ટોપલ્યો બોઅલ્યો?
11 તુમા કાહાનાય હોમજ્યા કા માયે તુમહાન બાખ્યે બારામાય નાંય
આખલા કા, બાકી એહેકેન કા પોરૂષી લોકહા એને સાદૂકી લોકહા પાયને
હાચવીન રોજા."
12 તોવે ચ્યાહાન હોમાજ પોડ્યા કા, ચ્યે બાખે ખમીરા આરે નાંય,
બાકી પોરૂષી લોકહા એને સાદૂકી લોકહા શિક્ષણાથી હાચવીન રા
આખલા આતા.

## પિત્તર ઈસુવાલ ખ્રિસ્ત આખીન કબુલ કોઅહે
*(માર્ક 8:27-30; લુક. 9:18-21)*

13 ઈસુ કૈસરીયા ફિલીપીયા ભાગામાય યેયન પોતે શિષ્યહાન પુછા
લાગ્યો, "માઅહે માન, માઅહા પોહાલ કાય આખતેહે?"
14 શિષ્યહાય આખ્યાં, કાંયક લોક યોહાન બાપતિસ્મા દેનારો
આખતેહે, એને કાંયક એલીયો, એને કોલહાક યિર્મયા ભવિષ્યવક્તા
હેય ભવિષ્યવક્તામાંઅને યોક આખતેહે.
15 ઈસુવે શિષ્યહાન આખ્યાં, "બાકી તુમા માન કાય આખતાહા?"
16 તોવે સિમોન પિત્તરે જાવાબ દેનો, "તું પોરમેહેરા પોહો ખ્રિસ્ત હેય."
17 ઈસુવે ચ્યાલ જાવાબ દેનો, "ઓ સિમોન, યોના પાહા, તું ધન્ય હેય,
કાહાકા કાદે માઅહા લોય થી નાંય, બાકી મા આબહો જો હોરગામાય
હેય, ઈ વાત તુલ જાણાવિહી.
18 એને આંયબી તુલ આખતાહાવ કા તું પિત્તર હેય, (યુનાની
ભાષામાય પિત્તર એટલે દોગડા ટુકડો હેય) એને આંય યા દોગાડાવોય મા
મંડળી બોનાડીહી, એને અધોલોકા ફાટાક ચ્યાવોય જોર નાંય કોઅરી.
19 આંય તુલ હોરગા રાજ્યા ચાવ્યો દિહી: એને જીં કાય તું
દોરત્યેવોય બાંદહે, તીં હોરગામાય બાંદહે, એને જીં કાય તું દોરત્યેવોય
ખોલહે, તીં હોરગામાય ખોલાઈ."

20 તોવે ચ્યાય શિષ્યહાન ચેતાવણી દેની કા, કાદાલ નાંય આખના કા
આંય ખ્રિસ્ત હેય.

## ઈસુ પોતાના દુઃખ એને મોરણા ભવિષ્યવાણી
## *(માર્ક 8:31-9:1; લુક. 9:22-27)*

21 ચ્યે સમયે ઈસુ ચ્યા શિષ્યહાન આખા લાગ્યો, "જરુર હેય કા
આંય યેરૂસાલેમ શેહેરમાય જાંઉ, એને આગેવાન, એને મુખ્ય યાજક,
એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ આથાથી બોજ દુઃખ ઊઠાવીહી, એને
માઆઇ ટાકલો જાહીં, એને તીજે દિહી પાછો જીવી ઉઠહી."
22 તોવે પિત્તરે ચ્યાલ આલાગ લેય જાયન પીડા એને માઆઇ ટાકના
બારામાય વાત કોઅયી ચાહાટી ખિજવાયા લાગ્યો. "ઓ પ્રભુ પોરમેહેર
એહેકેન કોઇન મા કોઅહે, તોઆરે એહેકેન કોદહી નાંય ઓઅરી."
23 ચ્યાય પાહલા એઇન પિત્તરાલ આખ્યાં, "ઓ સૈતાન, મા હામ્મેથી
દુર ઓઅઇ જો, તું મા હાટી ઠોકરે કારણ હેય, કાહાકા તો વિચાર
પોરમેહેરા એછને નાંય, બાકી માઅહા એછને હેય."

## ઈસુવા પાછલા ચાલના મોતલાબ

24 એને શિષ્યહાઆરે લોકહાન હાદિન ઈસુવે આખ્યાં "જો કાદાં મા
શિષ્ય બોના માગહે, ચ્યાલ પોતાલ નાકાર કોઅરા જોજે એને પોતાનો
હુળીખાંબ ઉચકીન મા શિષ્ય બોને.
25 કાહાકા જીં માઅહું દોરતીવોય પોતે જીવ બોચાવાં માગહે, તો
હાચ્ચાં જીવન ગુમાવી દી, બાકી તુમા જ્યા મા લીદે એને પોરમેહેરા હારી
ખોબારે લીદે ચ્યા જીવ દેહે, તો હાચ્ચાં જીવન મેળવી.
26 ચોક માઅહાલ કાય લાભ જોવે ચ્યાલ બોજ મિલકાત મીળે બાકી
પોરમેહેરાઆરે હાચ્ચાં જીવન ગુમાવી દેય? ચોક માઅહું પોરમેહેરાલ
કાય દી હોકહે, જીં ચ્યા અનંતજીવન વેચાતાં લેય?"
27 આંય, માઅહા પોહો, મા હોરગા દૂતહા આરે મા આબહા
મહિમામાય યીહીં, એને ચ્યે સમયે આંય બોદહાલુજ ચ્યાહા કામહા
ઇસાબે ઇનામ દિહી.

28 “આંય તુમહાન હાચ્ચાંજ આખતાહાવ કા ઈહીં ઉબલા કોલહાક
લોક તોવેબી જીવતા રોય, જાવ હુદુ માઅહા પોહાલ પોરમેહેરા રાજ્યા
સામર્થકોય ચ્યાહા વોચ્ચે યેતા દેખી.”

# 17

## ઈસુવા રુપ બદલાયા
*(માર્ક 9:2-13; લુક. 9:28-36)*

1 છ દિહા પાછે ઈસુવે પિત્તર, યાકૂબ એને ચ્યા બાહા યોહાનાલ લેયને
ચ્યા ઉચા ડોગાવોય ગીયા.
2 તાં ચ્યાહા આગલા ઈસુવા રુપ બોદલાય ગીયા. એને ચ્યા મુંય દિહા
રોહણ્યે રોકા ચોમકા લાગ્યા એને ચ્યા ફાડકે ઉજવાડા રોકે ઉજળેંફુલ
ઓઅઇ ગીયે.
3 એને ભવિષ્યવક્તા મૂસા એને એલીયા ઈસુવાઆરે વાતો કોઅતા
દેખ્યા.
4 તોવે પિત્તરાય ઈસુવાલ આખ્યાં, “ઓ પ્રભુ, આપહે ઈહીં રોઅના
હારાં હેય એને તું આખતો ઓરીતે ઈહીં આંય તીન માંડવા બોનાડુ, યોક
તોહાટી, યોક મૂસા હાટી, એને યોક એલીયા હાટી.”
5 તો આજુ બોલીજ રીયેલ ઓલાહામાયજ યોક ઉજળા વાદળાં યેના
એને ચ્યાહાન ચ્યા સાવલ્યેકોય ડાકી લેદા, એને ચ્યાહાય વાદળામાઅરે
પોરમેહેરાલ બોલતા વોનાયા, “ઓ મા પ્રિય પોહો હેય, ચ્યા આખલા
માનજા”.
6 શિષ્ય ઈ વોનાયા તોવે ઉંબડા પોડી ગીયા એને બોજ બિઇ ગીયા.
7 ઈસુવે પાહી યેયન ચ્યાહાલ આથલ્યા એને આખ્યાં, “ઉઠા, બીયહા
મા.”
8 તોવે તારાતુજ ચ્યાહાય ચોમખી એઅયા, એને ઈસુ યોખલોજ
દેખાયો, બિજો કાદોજ નાંય દેખાયો.
9 જોવે ઈસુ એને ચ્યા તીન શિષ્ય ડોગાવોયને ઉતતાજ ચ્યાય ચ્યાહાન
યોક આગના દેની કા, કાદાલબી ઈ મા આખહા કા તુમાહાય કાય
એઅયા જાવ લોગુ આંય, માઅહા પોહો મોઅલા માઅને પાછો જીવતો
નાંય ઓઅઇ જાવ.

10 એને પાછા શિષ્યહાય ઈસુવાલ પુછ્યાં, “મૂસા નિયમ હિકાડનારા
ગુરુ એહેકેન કાહા આખતાહા કા, એલીયાલ ખ્રિસ્તા યેયના પેલ્લા યાં
જોજે?”.
11 ઈસુવે ચ્યાહાન આખ્યાં કા, ઈ હાચ્ચાં હેય કા પોરમેહેરાય
“એલીયાલ દોવાડના વાયદો કોઅલો આતો કા તો બોદા કાય
હુદારાવાંહાટી પેલ્લો યેય જાય,
12 બાકી આંય તુમહાન આખહુ કા એલીયા તે યેય ગીયહો, બાકી
લોકહાય ચ્યાલ નાંય વોળખ્યોહો, બાકી જેહેકોય ચ્યાહા મોરજી જાયી
તેહેકોય ચ્યાહાઆરે કોઅયા, યેજપરમાણે માઅહા પોહોબી ચ્યાહા
આથે દુઃખ વેઠી.”
13 તોવે શિષ્ય હોમજી ગીયા કા ચ્યે આમહાન યોહાન બાપતિસ્મા
દેનારા બારામાય આખ્યાહા.

## મીર્ગ્યેથી પીડાતા યોકા પોહાલ ઈસુ હારાં કોઅના
## (માર્ક *9:14-29*; લુક. *9:37-43*)

14 જોવે ચ્યા માઅહા ટોળા પાય જાય પોઅચ્યા તોવે યોક માઅહું
ચ્યા પાહી યેયન પાગે પોડીન આખા લાગ્યા.
15 “ઓ પ્રભુ, મા પોહાવોય દયા કોઓ, કાહાકા ચ્યાલ મીર્ગ્યા ચોળી
યેહે, તોવે તો બોજ દુઃખ વેઠેહે, બોજદા તો આગડામાય પોડહયો ને
બોજદા તો પાઅયામાય પોડયોહો.
16 આંય ચ્યાલ તો શિષ્યહાપાય લેય ગીયેલ બાકી ચ્યા ચ્યાલ હારાં
નાંય કોઅય હોક્યા.”
17 ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો કા “ઓ બોરહો નાંય થોવનારા
લોકહાય એને લુચ્ચી પીડી, તુમહેઆરે કોલાહા લોગુ રોઉં? કોલાહા
લોગુ તુમહાન વેઠું? ચ્યાલ તુમા માયેપાંય લેય યા.”
18 તોવે ઈસુવે ચ્યાલ દોમકાડયો, એને બુત ચ્યામાઅને નિંગી ગીયો,
એને પોહો ચ્યેજ સમયે હારો જાયો.
19 જોવે ઈસુ યોખલો આતો તોવે શિષ્ય ચ્યાપાય યેના એને ચ્યાહાય
આખ્યાં, “બુતાલ આમા કાહાનાય કાડી હોક્યા?”
20 ઈસુવે ચ્યાહાન આખ્યાં, તુમહે બોરહો વોછો હેય, આંય તુમહાન
હાચ્ચાંજ આખતાહાવ, તુમહે બોરહો યોક રાયે દાણા ઓલહો રોય,

તોવે તુમા યા ડોંગાલ આખી હોકતાહા, ઈહીંરે પાછો ઓટીજો, તોવે તો
પાછો ઓટી જાઅરી, એને તુમહેહાટી કાયજ અસંભવ નાંય હેય.
21 બાકી ઓ બુત ઉપહા કા પ્રાર્થના કોઅયા વોગાર નાંય નિંગે.

### ઈસુવા મોરણા બારામાય પાછી ભવિષ્યવાણી

22 જોવે ચ્યા ગાલીલ ભાગામાય આતા, તોવે ઈસુવે ચ્યાહાન આખ્યાં,
"માઅહા પોહો મા દુશ્માનાહા ઓદિકારામાય હોઅપાઈ જાય.
23 એને ચ્યા ચ્યાલ માઆઇ ટાકી બાકી તો તીજે દિહી મોઅલા માઅને
પાછો જીવતો ઉઠી" શિષ્ય તે બોજ નારાજ ઓઅઇ ગીયા.

### દેવાળા કર દેયના
*(માર્ક 9:30-32; લુક. 9:43-45)*

24 જોવે ચ્યા કાપરનાહુમ ગાવામાય યેય લાગ્યા, તોવે દેવાળા કર
લેનારાહાય પિત્તરાપાંય યેઇન પુછ્યાં, "કાય તુમહે ગુરુ દેવાળા કર નાંય
દેય?"
25 પિત્તરે આખ્યાં, "હાં, તો દેહે." જોવે પિત્તરા ગોઅમે યેનો, તોવે
ચ્યા આખના પેલ્લાજ ઈસુય પિત્તરાલ પુછ્યાં, "ઓ સિમોન, તુલ કાય
લાગહે? દુનિયા રાજા કોઅહા લોકહા પાયને કર લેતહા? ચ્યાહા
પાહાહા પાયને કા બીજહા પાયને?"
26 પિત્તરાય આખ્યાં, "બીજહા પાયને, તોવે ઈસુવે આખ્યાં, તોવે
પોહો વાચાય ગીયો.
27 બાકી આમા નાંય ઇચ્છા રાખજે કા યા લોક આમે લીદે હેરાન
ઓએ, યાહાટી તું દોરિયા એછે જો એને ગોળાય ટાક એને પેલ્લા જી
માછલા ગોળાય માય લાગે ચ્યા મુંય ઉગાડ, એને ચ્યામાય યોક સિક્કો
(ચાર દિહાહા મજરી) મિળી તો લેઈને આપહે કર બોઅઇ દેજે."

# 18

### હોરગા રાજ્યામાય મોઠો કું?
*(માર્ક 9:33-37; લુક. 9:46-48)*

1 તોવે શિષ્યહાય ઈસુવાપાય યેઇન પુછ્યાં કા, "પોરમેહેરા
રાજ્યામાય કું મોઠો રોય."

2 તોવે ઈસુય ચોકા પાહાલ ચ્યાહા પાહી હાદિન વોચમાય ઉબો
કોઅયો,
3 એને ઈસુવે આખ્યાં, આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ, જાંઉ
લોગુ તુમા બદલાયન એને પાહા રોકા નાંય ઓઈ જાહા, તુમા હોરગા
રાજ્યામાય જાય નાંય હોકહા.
4 જો કાદો પોતાલ પાહાહા હારકો નમ્ર કોઅરી, તોજ હોરગા
રાજ્યમાય મોઠો ઓઅરી.
5 એને જો કાદો મા નાવામાય ચોક ઓહડા પાહાલ માનહે, તો માન
માની લેહે.

### દોગો દેનારાલ હાય
*(માર્ક 9:42-48; લુક. 17:1-2)*

6 કાદાહાટીબી, પોતે ગોગ્યેમાય ગોઅટચે પુડ બાંદિન દોરિયામાય
બુડવી દેયના ખારાબ સાજા હેય, બાકી જોવે કાદોબી યા
વાહનાહામાઅને માયેવોય બોરહો રાખતેહેં, ચ્યાહા પાપ કોઅના
કારણ બોને તે ચ્યાલ યા કોઅતીબી ખારાબ સાજા મિળી.
7 પાપ કોઅનારા લેદે દુનિયા હારાપી હેય, પાપ કોઅના ઓઅઇ
હોકહે, બાકી જ્યા માઅહા લીદે પાપ કોઅહે ચ્યાલ ખારાબ સાજા
મિળી.
8 પાપ કોઅના બોદે કારણે બોંદ કોઆ ચ્યાલ પુરીરીતે મોનાઈ કોઆ
જેહેકોય કા પોતે પાગ કાપી રીઅલા હેય, જો તુમહે પાપ કોઅના કારણ
બોનહે, જોવે તુમા હોરગામાય જાતહેં, ભલે તુમહેપાય ચોક પાગ હેય
તીં હારાં હેય, બાકી તુમહેપાય બેન આથ એને બેન પાગ હેય એને તુમા
નરકા કોળ્યેમાય જાહા, તે તી ખારાબ હેય.
9 પાપ કોઅના બોદે કારણે દુઉ કોઆ ચ્યાલ પુરીરીતે મોનાઈ કોઆ
જેહેકોય કા પોતે ડોળો બાઆ કાડી દે, જો તુમહે પાપ કોઅના કારણ
બોનહે, જોવે તુમા પોરમેહેરા રાજ્યામાય જાતહેં, ભલે તુમહેપાય ચોક
ડોળો હેય તી હારાં હેય, બાકી તુમહેપાય બેન ડોળા હેય એને તુમા નરકા
કોળી જાહા, તે તી ખારાબ હેય.

### ટાકાય ગીઅલા ગેટા દાખલો
*(લુક. 15:3-7)*

10 “હાચવીન રા, કા યા વાહાનાહા માઅને કાદાલ નોકામ્યા મા
ગોણતા, કાહાકા તુમહાન આંય હાચ્ચાં આખતાહાવ, હોરગામાય ચ્યા
હોરગા દૂત મા આબહા આરે કાયામ રોતહા.
11 કાહાકા આંય, માઅહા પોહો ટાકાઇ ગીઈલાહાન બોચાવાં
યેનહો.”
12 તુમહાન કાય લાગહે? યોકતા પાય હોવ ગેટેં રોય, એને
ચ્યાહામાઅને યોક ટાકાઇ જાય, તોવે નોવાણુ ગેટેં છોડીન, ડોગાવોય
ટાકાલા ગેટાલ નાંય હોદા જાય કા?
13 “જોવે એહેકેન ઓઅે કા તો ચ્યા ગેટાલ મેળવે, તે આંય તુમહાન
હાચ્ચાં આખતાહાવ, કા તો નોવાણુ ગેટહા કોય ઓલો ખુશ નાંય
ઓઅરી, જોલી ખુશી ચ્યા યોકા ગેટાહાટી ઓઅરી.
14 યાહાટી તુમહે હોરગ્યા આબહા એહેકેન મોરજી નાંય હેય, કા યા
વાહાનાહા માઅને યોકબી નાશ ઓઅઇ જાય.”

## ગુનેગારાહા બદાલ આપહાય કાય કોઅના
*(લુક. 17:3)*

15 જોવે તુમહેઆરે કાદો હાંગાત્યો વિસ્વાસી તો વિરુદ પાપ કોઅહે,
તોવે જાયન યોખલામાંય ચ્યા બુલ હોમજાડી દે, જોવે તો તુમહે
આખલ્યા પાળે, તો તુયે ચ્યાલ જીતી લેદહો.
16 બાકી જોવે તો નાંય પાળે, તોવે યોક બેન માઅહાન આરે લેતો
જો, યાહાટી કા બોદી વાત બેન તીન સાક્ષીયાહા વાતહે કોઇન સાબિત
ઓઅઇ.
17 જોવે તો ચ્યાહાબી નાંય પાળે, તોવે મંડળ્યેલ આખી દે, બાકી જોવે
તો મંડળીબી નાંય પાળે, તોવે તુમા ચ્યાઆરે એહેકેન વેવહાર કોઅજા
જેહેકોય ગેર યહૂદી એને કર લેનારા આરે કોઅહા.

## યોકમોન ઓઇન માગના

18 “આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ, જીં કાય તુમા દોરત્યેવોય
બેગા કોઅહા, તીંજ હોરગામાય બેગા કોઅહા એને જીં કાય તુમા
દોરત્યેવોય ખોલાહા, તી હોરગામાય ખુલી.

19 આંય પાછો તુમહાન આખતાહાવ, જોવે તુમહેમાઅને બેન માઅહે
દોરતીવોય યોકદયે જરુરી વાતેહાટી યોકા મોનાકોય પ્રાર્થના કોઇન માગે,
ચ્યાહાન હોરગામાઅને આબહો દી.
20 ઈ યાહાટી કા જાં બેન કા તીન મા શિષ્ય ઓઅના લીદે બેગા
ઓઅતાહા તાં આંય ચ્યાહા વોચમાય રોતાહાંવ."

## માફ નાંય કોઅનારા ચાકારા દાખલો

21 તોવે પિત્તરાય પાહી યેયન ઈસુલ આખ્યાં, "ઓ પ્રભુ, મા હામ્મે મા
હાંગાત્યો વિસ્વાસી પાપ કોઅહે, તોવે ચ્યાલ આંય કોલાદા માફ કોઉ?
હાંત દા કા?"
22 ઈસુવે ચ્યાલ આખ્યાં, "આંય તુલ એહેકેન નાંય આખું કા હાંત દા
માફ કોઓ બાકી હાતા હિત્તેર ગોણા ચ્યાલ માફ કોઓ."
23 "આંય તુલ ઈ આખતાહાવ યાહાટી હોરગા રાજ્યા ચ્યા રાજા
હારકા હેય, જ્યેય આપહે ચાકારાહા ઇસાબ લાં માગહે.
24 એને જોવે ઇસાબ કોઅતો લાગ્યો તોવે યોકા જાંઆલ લેય યેનલા,
ચ્યા દસ ઓજાર તાલાંત એટલે યોક તાલાંત પંદર વોરહા મોજર્યે
કોરજામાય આતો.
25 બાકી જોવે ચ્યાપાય કોરજાં ચુકાડાં કાયજ નાંય આતા, તોવે
રાજાય આખ્યાં, કા યાલ, યા થેએયેલ એને યા પાહાહાન, એને યા બોદી
માલ-મિલકાત વેચિન કોરજાં વોસુલ કોઅરા કોઅયો."
26 "તોવે ચ્યે ચાકારે ચ્યા રાજા પાગે પોડીન આખ્યાં, ઓ રાજા
વાહાયોક ધીરજ રાખ, આંય તુલ બોદાંજ ચુકતાં કોઅઇ દિહી."
27 તોવે ચ્યા ચાકારાવોય રાજાલ દયા યેની, તોવે ચ્યા બોદાંજ કોરજાં
માફ કોઅયા એને ચ્યાલ જાં દેનો.
28 "બાકી જોવે તો ચાકાર બાઆ ગીયો, તોવે ચ્યા હાંગાત્યા ચાકાર
માઅને યોક બિજો ચાકાર મિળ્યો તો ચ્યા (૧૦૦ દીનાર) હોવ દિહાહા
મોજર્યે પોયહા કોર્જદાર આતો, તોવે ચ્યે ચ્યાલ ગોગ્યેમાય દોઇન
આખ્યાં, 'જીં કાય તોપાય કોરજાં હેય ચ્યાલ તું ચુકાડી દે.' "
29 તોવે ચ્યા હાંગાત્યો ચાકાર ચ્યા પાગે પોડીન વિનાંતી કોઅરા
લાગ્યો, વાહાયોક ધીર દોઓ આંય તુલ બોદા કોરજાં ચુકતાં કોઅઇ
દિહી.

30 બાકી તો નાંય માન્યો, એ જાયને આલ જેલેમાય ટાકી દેનો, કા
જાંઉ લોગુ તું કોરજાં ચુકાડી નાંય દેય, તાંઉલોગુ તું ઈહીંજ રો.
31 આ હાંગાત્યા ચાકારાહાય ઈ દેખ્યાં તોવે આ બોજ નિરાશ
ઓઅઇ ગીયા, એને આપહે રાજાપાય જાયને જીં બોન્યાં તી બોદાંજ
આખી દેખાડયાં.
32 તોવે આ રાજાય આલ હાદિન આખ્યાં, ઓ લુચ્ચા ચાકાર, તુયે
જીં માન રાવ્યાં કોઅયેલ, તોવે માયે તો બોદા કોરજાં માફ કોઅઇ દેનેલ.
33 તે જેહેકોય માયે તોવોય દયા કોઇન તો કોરજાં માફ કોઅયા,
તેહેકોયન કાય તુલબી તો હાંગાત્યા ચાકારાવોય દોયા કોઇન આ કોરજાં
માફ કોઆ નાંય જોજે કા?
34 એને આ રાજાય બોજ ખિજવાઈન આલ ડોંડ દેનારાહા
આથામાય હોંપી દેનો, કા તો બોદા કોરજાં જાંઉ લોગુ બોઅઇ નાંય પાડે,
તાંઉલોગુ આલ ઈહીંજ રાખા.
35 "યેજપરમાણે તુમહેમાઅને જો કાદો પોતે હાંગાત્યા વિસવાશ્યાલ
હાચ્ચે મોને પાપ માફ નાંય કોઅઇ, તે મા આબો જો હોરગામાય હેય,
તોબી તુમહેઆરે એહેકેનુજ કોઅરી."

# 19

## ઈસુ ફારગાત્યે બારામાય કાય હિકાડેહે
*(માર્ક 10:1-12)*

1 એને એહેકેન જાયા કા યો બોદ્યો વાતો આખ્યો, તોવે ઈસુ એને આ
શિષ્ય ગાલીલ ભાગ છોડીન, યારદેન નોયે એમેરે યહૂદીયા શેહેરામાય
ગીયા.
2 એને લોકહા મોઠી ગીરદી આ પાહલા યેની એને ઈસુય
આહામાઅને દુઃખહ્યાન હારાં કોઅયા.
3 તોવે પોરૂષી લોકહાય આપાય યેઇન આ પરીક્ષા લાંહાટી આલ
પુછ્યાં કા, "ગોમે એ કારણે થેઅયેલ ફારગાતી દેઅના ઈ પરવાનગી
હેય કા?"
4 ઈસુવે જાવાબ દેનો કા, "કાય તુમાહાય નાંય વાચ્યાહાં કા
જ્યાંય આહાન બોનાડયાહા, આય પેલ્લેથી આહાન માટડો એને થેએ
બોનાડ્યા એને આખ્યાં,

5 ચ્યાહાટી યોક માટડો ચ્યા આયહે આબહાલ છોડીન ચ્યા
થેઅયેઆરે રોય. એને ચ્યે બેની જાંએ યોકા શરીરા બોની.
6 એને ચ્યે બેની જાંએ યોકા શરીરા બોની, યાહાટી કા ચ્યે આમીને બેન
માઅહા રોકે નાંય, બાકી ચ્યે યોકાજ માઅહા હારકે હેય. યાહાટી કા
જ્યાલ પોરમેહેરાય યોકઠા જોડલા હેય, ચ્યાલ કાદાબી માઅહું આલાગ
નાંય કોઆ જોજે".
7 ચ્યાહાય ઈસુલ આખ્યાં, "મૂસા નિયમશાસ્ત્રામાય કાહા એહેકેન
ઠોરવ્યાહાં, કા લેખપાત્રી કોઇન ચ્યેલ છોડી દેયના?"
8 ઈસુય ચ્યાહાન આખ્યાં, "તુમા જિદ્દી આતા, ચ્યાહાટી મૂસાય
તુમહાન થેએયેલ છોડી દેયના પોરવાનગી દેની, બાકી પેલ્લા એહેકેન
નાંય આતા.
9 બાકી આંય તુમહાન હાચ્ચાં આખતાહાવ કા જો કાદો પોતા
થેઅયેલ વ્યબિચાર સિવાય કોઅઇ બિજા કારણથી ફારગાતી દેય, એને
જો યાકોય છોડી દેનલ્યે આરે વોરાડ કોએ, તે તો વ્યબિચાર કોઅહે."
10 તોવે ચ્યા શિષ્યહાય ચ્યાલ આખ્યાં, "જોવે માટડા થેએયે આરે
ઓહડો સબંધ હેય, તોવે વોરાડ કોઅના હારાં નાંય."
11 યેયન ચ્યે ચ્યાહાન આખ્યાં, "ઈ વાત બોદે નાંય માની હોકે,
માત્ર ચ્યાજ એહેકેન કોય હોકતાહા જ્યાહાન પોરમેહેરાય ચ્યા રીતે
જીવાહાટી તાકાત દેનહી.
12 કાહાકા કોલાહાક નપુસક ઓહડા હેતા, જ્યા જન્માથીજ એહેકેન
હેતા, એને કોલાહાક નપુસક ઓહડા હેતા, જ્યાહાલ માઅહાય નપુસક
બોનાડયાહા, એને કોલાહાક ઓહડા નપુસક હેતા, જ્યા પોતેજ હોરગા
રાજ્યાહાટી નપુસક બોનહ્યા, જ્યા યાલ હોમજી હોકતાહા ચ્યા હોમજી
જાય."

## ઈસુ વાહના પોહાહાન બોરકાત દેહે
## *(માર્ક 10:13-16; લુક. 18:15-17)*

13 પાછે માઅહે પોહાહાન ઈસુપાય લેય યેને, યાહાટી કા તો
ચ્યાહાવોય આથ થોવે એને ચ્યાહા પ્રાર્થના કોએ, બાકી શિષ્ય માઅહાન
દોમકાડે.

14 બાકી ઈસુવે આખ્યાં, “પોહાહાન માયેપાંય યાં દા, ય્હાહાન
ઓટકાડાહા મા, કાહાકા ય્હાજ લોક જ્યા યા પોહાહા રોકા
બોરહાલાયક હેય, હોરગા રાજ્યામાય રોય.”
15 એને ઈસુય ય્હાહાવોય આથ થોવિન બોરકાત દેની, પાછે તાઅને
ચાલ પોડ્યા.

## યોક મિલકાતવાળો જુવાન
## *(માર્ક 10:17-31; લુક. 18:18-30)*

16 એને યોક માઅહું યેના એને ય્હાલ ય્હે પુછ્યાં, “ઓ ગુરુ, કાય
કામ કોઉ કા પોરમેહેર માન અનંતજીવન દી?”
17 ઈસુવાય ય્હાલ જાવાબ દેનો કા, “હારાં કા મા બારામાય તું માન
કાહા પૂછતોહો? હારો તે યોકુજ હેય, બાકી તું અનંતજીવનામાય જાં
માગે, તોવે આગનાયો પાળ.”
18 ય્હે પુછ્યાં કોઅયોહો આગનાયો? ઈસુવે આખ્યાં, “તું ખૂન કોઅહે
મા, વ્યબિચાર કોઅહે મા, ચોરી કોઅહે મા, જુઠી સાક્ષી દેહે મા.
19 તો આબહા એને આયહેલ માન દે, જેહેકોય પ્રેમ પોતાવોય
રાખતોહો તેહેકોય બીજહાવોય રાખ.”
20 જુવાન્યાય ઈસુવાલ આખ્યાં, “ઈ બોદા આંય વાહનેરે પાળતો
યેનોહો, આજુ મા કાય બાકી રિયા?”
21 ઈસુવાય ય્હાએછે પ્રેમથી એઅયા એને ય્હાલ આખ્યાં, “આજુ
યોક વાત હેય જીં તુલ કોઅના જરુરી હેય, જો, જીં કાય તો હેય તીં બોદા
વેચિન ગોર-ગોરીબાહાન દેય દે, જોવે એહેકેન કોઅહે, તોવે તોપાય
હોરગામાય મિલકાત રોઅરી એને યેચન મા શિષ્ય બોની જો.”
22 ઈ વાત વોનાઈન જુવાન્યો નિરાશ ઓઇન જાતો રિયો કાહાકા તો
બોજ માલદાર આતો.
23 બાકી ઈસુવે ય્હા શિષ્યહાન આખ્યાં, “તુમહાન હાચ્ચી વાત
આખહુ, માલદાર માઅહાન હોરગા રાજ્યમાય જાયના બોજ કોઠાણ
હેય?
24 આંય તુમહાન આખતાહાવ, કા ઉંટડાલ હુવ્યે નાકલામાંઅરે
જાઅના કોઠાણ હેય, તેહેકોય માલદાર માઅહાન પોરમેહેરા રાજ્યામાય
જાઅના બોજ કોઠાણ હેય.”

25 જોવે શિષ્ય ઈ વાત વોનાયા, ચ્યા આજુ બોજ નોવાય પામી ગીયા,
એને યોકા બિજાલ આખતા લાગ્યા કા, "તે પાછે કાહાટી પોરમેહેરા
રાજ્યામાય બોચાવ ઓઈ જાઅના કેહેકેન સંભવ હેય?"
26 ઈસુય ચ્યાહા એછે એઇન આખ્યાં, "ઈ માઅહાન તે નાંય ઓઅઇ
હોકે, બાકી પોરમેહેરાકોય ઓઅઇ હોકી, કાહાકા પોરમેહેર બોદાંજ
કોઅઇ હોકહે."
27 પિત્તર ચ્યાલ આખા લાગ્યો, આમે કાય ઓઅરી? "આમાહાય તે
તો શિષ્ય બોનાહાટી બોદાંજ છોડી દેનલા હેય તે આમહાન કાય મિળી?"
28 ઈસુવે શિષ્યહાન આખ્યાં, "ચ્યે સમયે જોવે માઅહા પોહો ચ્યા
સુંદરતામાય ચ્યા રાજગાદ્યેવોય બોહોરી, તોવે તુમા જ્યા મા શિષ્ય
બોન્યાહા, તુમા હોગા બાર રાજગાદ્યેવોય બોહીન ઈસરાયેલ દેશા બાર
જાત્યેહે ઉપે ન્યાય કોઅહા."
29 ઈસુય શિષ્યહાન આખ્યાં, "તુમહાન આંય હાચ્ચાં આખતાહાવ,
મા શિષ્ય બોનાહાટી એને પોરમેહેરા હારી ખોબાર આખાહાટી, જ્યા
કાદાંયબી ચ્યા ગુઉ છોડી દેનલા હેય, એને બાહા બોઅહી એને આયહો
એને આબહો એને પાહાહાન કા ચ્યા ખેતાર છોડયા ઓરી, તો નોક્કીજ
યે પેડયેમાય સતાવણી આરે-આરે બોજ વસ્તુ મેળવી, એને યેનારા
સમયામાય અનંતજીવન મેળવી."
30 બાકી બોજ લોક જ્યેં આમી પેલ્લે હેતેં, ચ્યે પાછલા ઓઅરી, એને
જ્યેં આમી પાછલા હેય, ચ્યે પેલ્લે ઓઅરી.

# 20

### દારાખા વાડયેમાય મજર્યાહા દાખલો

1 "હોરગા રાજ્ય યા દાખલા હારકા હેય, યોક દારાખાહા વાડયે
માલિક હાકાળેહે નિંગ્યો, કા પોતાની દારાખાહા વાડયેમાય કામાવાળા
માઅહાલ કામે લાવે.
2 ચ્યાય કામાવાળાહાન દિનેરોજ યોક દીનાર* ઠોરવી, એને ચ્યાહાન
દારાખા વાડયેમાય કામ કોઅરા દોવાડયા.
3 પાછે નવ વાગે ચ્યાય નિંગીન બિજા લોકહાન રીકામા ઉબા રોતા
દેખ્યા,

* **20:2** યોક દીનાર એટલે યોક દિહા કાંબારાં પરમાણે હેય

4 એને આહાન વાડયે માલિકાય આખ્યાં, તુમા હોગા મા દારાખાહા
વાડયેમાય જાયને કામ કોઅા, એને જીં કાય ઠીક હેય, તીં તુમહાન દિહી
તોવે આબી કામ કોઅરા ગીયા.
5 પાછે એ લગભગ બોપરેહે એને ત્રણ વાગેબી નિંગીન તેહેંજ
કોઅયા.
6 આસરે પાચ વાગા પાછે વાડયે માલિક પાછો તાં ગીયો, એને
બીજહાન પાછા ઉબલા દેખ્યા, એને આહાન વાડયે માલિકાય આખ્યાં,
તુમા કાહા રીકામાજ બોદો દિહી ઉમથાજ ઉબા રીયહા? આહાય આલ
આખ્યાં, કાહાકા આમહાન કાદેંજ કામાવોય નાંય લાવ્યાહા.
7 આય આહાન આખ્યાં” તુમાબી દારાખાહા વાડયેમાય જાં, એને
કામ કોઅા.
8 “વોખાતેહે દારાખાહા વાડયે માલિકાય પોતાના કારબાર્યાલ
આખ્યાં, કામાવાળાહાન હાદિન જ્યા બોદહાથી છેલ્લે કામ કોઅરાહાટી
યેનલા આતા, આહાન પાહલા થી લેઈને પેલ્લા લોગુ આહા મજરી દેય
દે.
9 જોવે એ યેને તોવે યોક પારગોજ દિહી રોય ગીઈલો, તોવે આહાન
યોક-યોક દીનાર એટલે પુરાં દિહા મજરી મિળી.
10 જયેં પેલ્લે યેને આહાન ઈ હોમજાયાકા, આમહાન વોદી મિળી,
બાકી આહાનબી યોક-યોક દીનાર એટલે પુરાં દિહા મજરી મિળી.
11 જોવે મિળ્યો, તોવે આ વાડયે માલિકાલ ટુટરીન આખા લાગ્યા,
12 ‘આ પેલ્લાંહાય યોકુજ કલાક કામ કોઅયા, એને તુયે આહાન
આમહે બોરાબર કાંબારાં દેના જ્યાહાય દિહી બોઇન કામ કોઅયા
તીડકો સહન કોઅયો?’
13 વાડયે માલિકાય આહામાઅને યોકાલ જાવાબ દેનો, ‘ઓ
હાંગાત્યા, તોઆરે આંય અન્યાય નાંય કોઅઇ રીયોહો, કાય પુરાં દિહા
કામ કોઅરાહાટી તુયેજ યોક દીનાર બોલી નાંય કોઅયેલ?
14 જીં તો કાંબારાં હેય, લેય લે એને જાતો રો, મા મોરજી હેય કા
જોલાહાં તુલ દાંઉ તોલાહાંજ પાહાલાર્યાહાન બી દાવ.
15 કાય ઈ ઠીક નાંય હેય કા મા પોયહા મા ઇચ્છા કોઅઇ ખોરચુ?
કાય તું ભોલાં ઓરી આલ તું તો ખારાબ નોજારે કોઅઇ એઅતહો?
બાકી તુલ અદેખાય નાંય લાગા જોજે કાહાકા આંય બીજહાહાટી ઉદાર

હેતાંવ?’
16 બાકી બોજ લોક જર્યેં આમી પેલ્લે હેતેં, ચ્યે પાછલા ઓઅરી એને
જર્યેં આમી પાછલા હેય, ચ્યે પેલ્લે ઓઅરી.”

### ઈસુ પોતાના મોરણા એને જીવી ઉઠના બારામાય પાછી ભવિષ્યવાણી

*(માર્ક 10:32-34; લુક. 18:31-34)*

17 ઈસુ યેરૂસાલેમ શેહેરમાય જાત્યે વોખાત ચ્યા બાર શિષ્યહાન
એકાંતમાય લેય ગીયો, એને વાટેમાય ચ્યાહાન આખા લાગ્યો,
18 “એઆ, આપા યેરૂસાલેમ શેહેરમાય જાતહા તાં, એને માન,
માઅહા પોહાલ મુખ્ય યાજકાહા એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ
આથામાય દોઅવાય જાય, ચ્યા માન માઆઇ ટાકરી.
19 એને ગેર યહૂદી લોકહા આથામાય હોઅપી દેઅરી, ચ્યા લોક
માન ગાળી દી, મા ઉપે થૂપી, માન ચાપકાહાકોય માર ઠોકી, એને
હુળીખાંબાવોય ચોડવી, એને તીજે દિહી પાછો જીવતો ઓઅઇ જાહીં.”

### ચોક આયહે માગણી

*(માર્ક 10:35-45)*

20 તોવે જબદયા પાહા આયહચે આરે જાયને ઈસુવાપાય યેયન પાગે
પોડયેં, એને ઈસુલ રાવ્યાં કોઅરા લાગી.
21 ઈસુવે ચ્યેલ આખ્યાં, “તું કાય માગતીહી?” ચ્યેય ચ્યાલ આખ્યાં,
“ઈ વચન દે કા મા યા બેન પાહા તો રાજ્યામાય ચોક જાંઆ જમણે
આથે એને ચોક ડાબે આથે બોહે.”
22 ઈસુવે ચ્યાહાન આખ્યાં, “તુમા ઈ નાંય જાંએ કા તુમા કાય
માગતેહે? કાય તુમા બોગવાં હાટી તિયાર હેય, જેહેકોય આંય
બોગાવનારો હેય, મોઅરાંહાટી જેહેકોય આંય મોઅહી?” ચ્યાહાય
ઈસુલ આખ્યાં, “આમહે કોય ઓઅઇ હોકી.”
23 ઈસુય ચ્યાહાન આખ્યાં, “જેહેકોય આંય બોગવીહીં, તેહેકોયજ
તુમા બોગવાહા, તુમા મોઅઇ જાહા, જેહેકોય આંય મોઅઇ જાહીં,
બાકી માન નોક્કી કોઅના ઓદિકાર નાંય હેય કા મા જમણે એને ડાબે

આથે, કું તો માનાપાના જાગો મેળવી, પોરમેહેરાય ચ્યા જાગાલ તિયાર
કોઅલા હેય, જ્યાહાન ચ્યાય નિવડયાહા ચ્યાહાહાટી.”
24 ઈ વોનાઈન દોહો શિષ્ય યાકૂબ એને યોહાનાલ ખિજવાયા લાગ્યા.
25 તોવે ઈસુય ચ્યાહાન પાહી હાદિન આખ્યાં કા, “તુમહાન ખોબાર
હેય, કા જ્યા લોક યા દુનિયામાય જ્યા ઓદિકારી ગોણાતાહા, ચ્યે
ચ્યાહા ઓદિકારા ઉપયોગ ચ્યાહા તાબામાઅને લોકહાઉપે ઓદિકાર
ચાલાડાહાટી કોઅતાહા.
26 બાકી તુમહામાય ઓહડા નાંય ઓરી, બાકી તુમહેમાય જો કાદો
મોઠો બોના માગહે, તો તુમહે ચાકાર બોને,
27 એને જો કાદો તુમહામાય મુખ્ય ઓરા માગે, તો તુમહે દાસ બોને.
28 જેહેકોય કા આંય, માઅહા પોહો, બીજહા સેવા કોઅરાહાટી યા
દુનિયામાય યેનો, યાહાટી નાંય યેનો કા બીજે મા સેવા કોએ, આંય ઘોણા
લોકહાન ચ્યાહા પાપાહામાને છોડાવાહાટી પોતાનો જીવ દાં યેનો.”

### બેન આંદળાહાન ઈસુ દેખતા કોઅના
### *(માર્ક 10:46-52; લુક. 18:35-43)*

29 જોવે ચ્યા યેરીખો શેહેરામાઅને નિંગે તોવે, યોક મોઠો ટોળો ચ્યા
પાહલા યાં લાગ્યો.
30 એને બેન આંદળા, જ્યેં વાટયે મેરાવોય બોઠલા આતા, તો ચ્યા ઈ
વાત વોનાયા કા ઈસુ ઇહિને જાય રિયહો, તોવે ચ્યા એહેકેન બોંબલીન
આખા લાગ્યા કા, “ઓ પ્રભુ દાઉદ રાજા કુળા પોહા, આમહાવોય દયા
કોઓ,”
31 લોક ચ્યાહાલ દોમકાડા લાગ્યા એને ઠાવકાજ રા આખ્યાં, બાકી
ચ્યા આજુ મોઠેરે બોંબાલતા લાગ્યા કા, “ઓ પ્રભુ, દાઉદ રાજા કુળા,
આમહાવોય દયા કોઓ.”
32 તોવે ઈસુ ઉબો રોઇન, ચ્યાહાન હાદિન આખ્યાં, તુમા કાય
માગતાહા કા આંય તુમહેહાટી કાય કોઉ?
33 ચ્યાહાય ચ્યાલ આખ્યાં, “ઓ પ્રભુ, ઈજ કા આમા દેખતા
ઓઅજે.”
34 ઈસુવે ચ્યાહાવોય દયા કોઇન ચ્યાહા ડોળાહાન આથ લાવ્યાં, એને
ચ્યા તારાતુજ દેખતા જાયા, એને ચ્યા પાહલા વાટ દોઇન ચાલા લાગ્યા.

# 21

## ઈસુવા યેરૂસાલેમ શેહેરામાય વિજય પ્રવેશ
## *(માર્ક 11:1-11; લુક. 19:28-44; યોહા. 12:12-19)*

1 જોવે ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરા પાહી યેય પોઅચ્યા,
એને જૈતુન ડોગાવોય બેતફાગે પાહી યેના, તોવે ઈસુવાય ચ્યા બેન
શિષ્યહાન એહેકેન આખીન દોવાડયા.
2 "હામ્મેને ગાવામાય જાં, એને તાં જાતાંજ તુમહાન યોક ફુરક્યા
વાછડાં હેય ચ્યાવોય આજુ લોગુ કાદોજ નાંય બોઠહો, તીં બાંદલા નોજરે
પોડી, ચ્યાલ છોડીન માયેપાંય લેય યા.
3 જો કાદાં તુમહાન કાય પુછે, તોવે એહેકેન આખજા,? ઈસુ આમે
પ્રભુલ યા ઉપયોગ કોઅના ગોરાજ હેય, એને તો ચ્યાલ તારાતુજ લેય
દોવાડી."
4 ઈ યાહાટી જાયા, કા જીં વચન પોરમેહેરાય ભવિષ્યવક્તાહાથી
આખલા આતા, તી પુરાં ઓએ.
5 "યેરૂસાલેમ શેહેરા લોકહાન આખા, એઆ, તુમહે રાજા તુમહેપાય
યેય રિઅલો હેય, તો નમ્ર હેય, એને વોજો ઉચાકનારા ફુરક્યા વાછડા
ઉપે બોહીન યેહે."
6 શિષ્યહાય જાયને, જેહેકોય ઈસુવા આખલ્યે પરમાણેજ જાવાબ
દેનો,
7 એને ચ્યા બેન શિષ્ય ફુરક્યા વાછડાલ ઈસુપાય લેય યેના, એને
ચ્યાવોય ચ્યાલ બોહાંહાટી ફુરક્યા વાછડા બોઅડા વોય પોતાને ફાડકે
પાથ્યેં એને તો વાસડાવોય બોહી ગીયો, એને યેરૂસાલેમ શેહેરા એછે જાં
લાગ્યો.
8 બોજ લોકહાય ઈસુ હામ્મે વાટેઊપે પોતાના ફાડકે પાથ્યેં,
એને લોકહાય ચ્યાલ માનપાન દાંહાટી વાટેવોય જાડાહા પાલાવાળ્યો
ડાળખ્યો પાથ્યો, જ્યો ચ્યા લોક રાનહામાઅને વાડીન લિયેનલા આતા.
9 એને કાંયક લોકહા ટોળો ઈસુવા આગલા-આગલા ચાલતો આતો,
એને કાંયક પાહલા ચાલતો આતો, ચ્યા બોદા ખુશ્યેકોય બોંબલી રીયલા
આતા, "દાઉદ રાજા પોહા હોસાન્ના, ધન્ય હેય તો જો પ્રભુ નાંવા કોય
યેહે, હોરગામાય હોસાન્ના."

10 જોવે ઈસુ યેરૂસાલેમ શેહેરમાય ગીયો, તોવે બોદા શેહેરામાય દાવ
દોડ ઓઅઇ ગિઇ એને પૂછતેં લાગ્યેં, "એલો કું હેય?"
11 લોકહાય જાવાબ દેનો કા, "એલો ગાલીલ ભાગામાઅને નાજરેત
ગાવા ભવિષ્યવક્તા ઈસુ હેય."

## ઈસુ દેવાળામાય જાયના એને વેપાર્યાહાન બાઆ કાડહે
*(માર્ક 11:15-19; લુક. 19:45-48; યોહ. 2:13-22)*

12 ઈસુ એને ચ્યા શિષ્ય યેરૂસાલેમ શેહેરામાય પોઅચ્યા, એને
પોરમેહેરા દેવાળા બાઆપુર ગીયા, ઈસુ ચ્યા લોકહાન તાઅને બાઆ
કાડના સુરુ કોઅયા, જ્યા બલિદાનાહાટી ઉપયોગ ઓઅનારે જોનાવારે
એને બાકી વસ્તુ વેચાતાં લાંહાટી એને વેચાંહાટી કામ કોઅઇ રીયલા
આતા, ચ્યાય પોયહા બોદાલનારાહા બાકડાહાન ડેકલી દેના, એને ચ્યાય
કબુતર વેચનારાહાપાંય જાયન વેચનારાહા ખુરચ્યેહેલ કોથલાડી દેને.
13 ચ્યાહાન ઈસુવે હિકાડીન એહેકેન આખ્યાં કા, "કાય પવિત્રશાસ્ત્ર
ઈ નાંય આખે, કા મા દેવાળાલ બોદયે જાત્યે લોકહાહાટી પ્રાર્થના ગુઉ
આખલા જાય? બાકી તુમાહાય તીં બાંડાહા ગુઉ બોનાવી રાખ્યાહાં."
14 આંદળા એને લેંગડા દેવાળામાય ચ્યાપાય યેના, એને ચ્યે ચ્યાહાન
હારાં કોઅયા.
15 બાકી જોવે મુખ્ય યાજકાહા એને મૂસા નિયમ હિકાડનારા ગુરુ
ઈસુ મોઠે કામે, જ્યેં ચ્યાય કોઅલે, એને પોહાહાન દેવાળામાય "દાઉદ
રાજા પાહા હોસાન્ના" એહેકેન બોંબલીન આખતા વોનાયા, તોવે ચ્યા
ખિજવાય ગીયા.
16 એને ચ્યાહાય ચ્યાલ પુછ્યાં, "યેં કાય આખતેહે તીં તું વોનાય
રિયહો કા?" ઈસુવે જાવાબ દેનો, "હાં, એને કાય તુમાહાય
પવિત્રશાસ્ત્રામાય ઈ કોદહી નાંય વાચ્યાહાં: કા પોહાહા એને દુદ પિતા
પાહાહા મુયેથી, તુયે મહિમા કોઆડી?"
17 તોવે ચ્યાહાન છોડીન તો શેહેરા બારે બેથાનીયા ગાવામાય ગીયો,
એને રાત તાં રિયો.

## અંજીરા જાડા બારામાય હિકના
*(માર્ક 11:12-14,20-24)*

18 હાકાળેહે પાછો શેહેરામાય યેહે, તોવે ચ્યાલ બુખ લાગી.
19 વાટે મેરાવોય ચ્યે યોક અંજીરા જાડ દેખ્યાં એને ચ્યા પાહી ગીયો,
બાકી પાલાંજ દેખાયાં, તોવે ઈસુવે જાડાલ આખ્યાં, “આમી પાછે તુલ
કોઅઇ દિહી, ફળ નાંય લાગરી” અંજીરા જાડ તારાતુજ ઉખાય ગીયા.
20 ઈ એઇન શિષ્યહાન બોજ નોવાય લાગી ચ્યાહાય આખ્યાં, “ઈ
અંજીરા જાડ કેહેકેન તારાતુજ ઉખાય ગીયા?”
21 બાકી ઈસુવે ચ્યાહાન જાવાબ દેનો, “આંય તુમહાન હાચ્ચાં
આખતાહાવ, જોવે તુમા બોરહો કોઅહા એને મોનામાય શંકા નાંય
કોઅહા, તોવે યા અંજીરા જાડાલ ઓલાહાંજ નાંય, બાકી એલા ડોગાલ
તુમા આખહા, જો, એને દોરિયામાય જાય પોડ, તોવે ઈ ઓઅઇ
જાઅરી.
22 એને જીં કાય તુમા પ્રાર્થનામાય માગતાહા, ઓહડો બોરહો રાખા
કા તી તુમહાન મિળી જાય, તોવે પોરમેહેર ચ્યાહાટી ઈ કોય દી.”

## ઈસુ ઓદિકારા બારામાય સાવાલ
## *(માર્ક 11:27-33; લુક. 20:1-8)*

23 ઈસુ એને ચ્યા શિષ્ય પાછા યેરૂસાલેમ યેય ફૂગ્યા, એને જોવે
તો દેવાળામાય હિકાડે તોવે મુખ્ય યાજક, મૂસા નિયમ હિકાડનારા
ગુરુ એને આગેવાન ચ્યા ચ્યાપાય યેયન પુછા લાગ્યા. “તુલ યેં કામે
કોઆહાટી તોપાય કાય ઓદિકાર હેય? કુંયે તુલ ઓહડા ઓદિકારાહાતે
દોવાડયોહો?”
24 તોવે ઈસુય ચ્યાહાન આખ્યાં, “આંયબી તુમહાન યોક સાવાલ
પૂછતાહાવ, જોવે ચ્યા તુમા માન જાવાબ દાહા, પાછે આંય કા
ઓદિકારાકોય કામ કોઅતાહાંવ તીં તુમહાન આખતાહાવ.
25 જોવે યોહાનાય લોકહાન બાપતિસ્મા દેના, તે કાય ચ્યા ઓદિકાર
હોરગામાઅને પોરમેહેરા એહેરે કા માઅહા એહેરે આતો? માન આખા.”
તોવે ચ્યા જાતેજ વિચાર કોઆ લાગ્યા કા હોરગામાઅને આખહુ તોવે,
તો આમહાન આખરી કા, તોવે તુમાહાય ચ્યાવોય કાહાનાય બોરહો
થોવ્યો?

26 એને જોવે આમા માઅહા એહેરે આખહુ તોવે કાય ઓઅઇ? ચ્યા
યા હારકો જાવાબ નાંય દેય કાહાકા ચ્યા લોકહાથી બિઅતા આતા, જ્યા
ઈ માનતા આતા કા, યોહાન પોરમેહેરા પાયને યોક હાચ્ચો ભવિષ્યવક્તા
આતો.
27 એને ચ્યાહાય ઈસુવાલ જાવાબ દેનો કા, "આમા નાંય જાંઆજે
કા યોહાનાલ લોકહાન બાપતિસ્મા દાંહાટી કુંયે દોવાડલો" તોવે ઈસુય
ચ્યાહાન આખ્યાં, તે "આંયબી તુમહાન નાંય જાવાબ દાંઉ કા, ઈ કામ
આંય કોઅહા ઓદિકારાકોય કોઅહુ."

## બેન પોહાહા દાખલો

28 "તુમા યા દાખલા કોય કાય હોમાજતાહા? યોક માઅહા બેન
પોહા આતા ચ્યે મોઠા પોહાલ જાયને આખ્યાં, 'મા પોહા આજે દારાખા
વાડયેમાય કામ કોઅજે.'
29 ચ્યે જાવાબ દેનો, 'આંય નાંય જાવ,' બાકી પાછે ચ્યાલ ચ્યા
જાવાબાવોય પોસ્તાવો યેનો એને વાડયેમાય કામ કોઅરા જાતો રિયો.
30 તોવે ચ્યે બિજા પોહાપાય જાયને તેહેંજ આખ્યાં, ચ્યે જાવાબ દેનો,
'ઠીક આંય જાહાંવ,' બાકી તો નાંય ગીયો.
31 યા બેની પોહામાઅને આબહા મોરજી પરમાણે કુંયે કોઅયા?"
ચ્યાહાય આખ્યાં, "પેલ્લાય" ઈસુવે ચ્યાહાન આખ્યાં, "આંય તુમહાન
હાચ્ચી વાત આખતાહાવ, કા જકાતદાર એને વેશા કામ કોઅનારે
પોરમેહેરા રાજ્યામાય તુમહે કોઅતા પેલ્લા જાય.
32 આંય તુમહાન એહેકેન યાહાટી આખહુ કાહાકા યોહાન
બાપતિસ્મા દેનારાય જોવે તુમહાન આખ્યાં, કેહેકેન હારાં જીવન જીવા
જોજે, તોવે તુમાહાય ચ્યાવોય બોરહો નાંય કોઅયો: બાકી જાકાતદારે
એને વેશા કામ કોઅનારે પાપ કોઅના બોંદ કોઅઇ દેના એને ચ્યા બોરહો
કોઅયો, ઈ બોદા એઇન બી તુમાહાય પાપ કોઅના બોંદ નાંય કોઅયા
એને ચ્યા બોરહો નાંય કોઅયો."

## ખારાબ ખેડુતાહા દાખલો

*(માર્ક 12:1-12; લુક. 20:9-19)*

33 "પાછો ઈસુ બિજા દાખલા દેયન યહૂદીયાહા આગેવાનાહાઆરે
વાત કોઆ સુરુ કોઅયા યોક માઅહાય ચ્યા રાનામાય દારાખા વાડી

લાવી, ચ્યાય રાના ચોમખી દોગડાહા યોક બીતડા બોનાવ્યાં, એને
યોક રોહયા ખાડો ખોદયો, ચ્યાય બાંડાહા એને જોનાવરહા ઇહિને
રાના હાંબાળ કોઅરાહાટી યોક માળો પાડ્યો, પાછે ચ્યાય ચ્યા રાનાલ
કોલહાક ખેડુતાહાન બાગે દેય દેના એને બિજા દેશા એછે લાંબી
મુસાફીર્યેલ નિંગી ગીયો.
34 જોવે દારાખેં પાકી ગીયે, તે ચ્યા ચાકારાહામાઅને યોકાલ બાગ્યા
ખેડુતાપાય દોવાડયો, કા ચ્યાલ દારાખાહા વાડયેમાઅને ભાગ લી યેય.
35 બાકી ખેડુતાહાય ચ્યાલ દોઇન માર દેનો, એને ચ્યાલ કાયજ નાંય
દેના એને પાછો દોવાડી દેનો.
36 પાછો વાડયે માલિકાય બિજા ચાકારાહાન દોવાડયા, જ્યા પેલ્લા
કોઅતા વોદારી આતા, બાકી ચ્યા ખેડુતાહાય ચ્યાહાનબી તેહેંજ
કોઅયા.
37 સેવાટ ચ્યે ચ્યા પોહાલ દોવાડયો, કાહાકા ચ્યે એહેકેન જાંઅયા
કા, મા પોહા ચ્યા દાક રાખી.
38 બાકી જોવે ખેડુતાહાય ચ્યા પોહાલ યેતા દેખ્યા, તે ચ્યાહાય યોક
બીજહાન આખ્યાં, 'એલો તે વારસદાર હેય, ચાલા, એલાલ આપા
માઆઇ ટાકતા, તોવે વારસો આપહે ઓઅઇ જાઅરી.'
39 એને ખેડુતાહાય ચ્યાલ દોઇન, દારાખા વાડયે બાઆ લેય જાયને
માઆઇ ટાક્યો.
40 જોવે તો દારાખા વાડયે માલિક યી તોવે તુમહાન કાય લાગહે કા
દારાખાહા વાડયે માલિક કાય કોઅરી?"
41 તો યેયન ચ્યા ખેડુતાહાન માઆઇ ટાકી, એને દારાખાહા વાડી
બીજહાન દેય દી.
42 ઈસુવે ચ્યાહાન આખ્યાં, "પવિત્રશાસ્ત્રામાય લોખલાં હેય તીં
તુમાહાય કાદે દિહે નાંય વાચ્યાહાં: 'જ્યા દોગાડાલ કોડયાહાય નોકામ્યો
